નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :8 OCTOBER 2024 I TUESDAY I Page :8 I Year : 2 I Issue :162 I Price: 2/-

## હરિયાણામાં કમળ કરમાયું, કોંગ્રેસે બહુમતીનો આંકડો પાર કર્યો

હરિયાણા ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી માટે ૫ ઓક્ટોબરે મતદાન થયું હતું. એવામાં હવે તમામ બેઠકો પર મતદાનની ગણતરી આજે એટલે કે ૮ ઓક્ટોબરના રોજ સવારે ૮ વાગ્યે શરૂ થશે. ચૂંટણી પરિણામોમાં જિંદ જિલ્લાની જુલાના બેઠક સૌથી વધુ ચર્ચામાં છે. કારણ કે અહીંથી વિનેશ ફોગાટ ચૂંટણી લડી હતી. હરિયાણામાં આશરે ૬૬.૦૨ ટકા મતદાન થયું હતું. હરિયાણાની તમામ ૯૦ બેઠકના વલણોમાં કોંગ્રેસની જબરદસ્ત લહેર જોવા મળી રહી છે. કોંગ્રેસને બે તૃતિયાંશ બહુમતી મળી છે.કોંગ્રેસના નેતા પવન ખેરાએ હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પર કહ્યું, 'અમને વિશ્વાસ છે કે આજે અમને દિવસભર લાડુ અને જલેબી ખાવા મળશે, અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ જલેબી મોકલવાના છીએ. અમને વિશ્વાસ છે કે જમ્મુ અને કાશ્મીર અને હરિયાણામાં બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહ્યા છીએ.'

હરિયાણામાં મતગણતરી વચ્ચે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યકરોમાં સંભવિત જીતને લઈને ઉત્સાહ છે. કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ટીના કાર્યકરો મીઠાઈ વહેંચી રહ્યા છે. શરૂઆતના



વલણોમાં કોંગ્રેસને હરિયાણામાં બહુમતી મળી છે.

કોંગ્રેસને આ વખતે હરિયાણામાં બમ્પર જીતનો પૂર્ણ આત્મવિશ્વાસ હતો. શરૂઆતી વલણમાં જ લીડ મળી જતાં કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને ઉજવણી શરૂ કરી હતી. કૈથલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર આદિત્ય સુરજેવાલાએ ચૂંટણી પરિણામો પહેલા દાવો કર્યો હતો કે કોંગ્રેસ આ વખતે ૭૦ બેઠકો જીતશે અને ૧૦ વર્ષના ભ્રષ્ટાચારના શાસનનો અંત આવશે.

હરિયાણાના મુખ્યમંત્રી તથા ભાજપ નેતા નાયબ સૈનીએ મતગણતરી અગાઉ કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે ભાજપને જીત મળશે. અમારી સરકાર લોકોના કામ કરતી રહેશે.

## JKમાં ટ્રેન્ડમાં કોંગ્રેસ+NC ગઠબંધનને બહુમતીઃ ભાજપ ૨૨ સીટો પર આગળ

જમ્મુ-કાશ્મીરની ૯૦ વિધાનસભા બેઠકો પર સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ થઈ ગઈ છે. વલણોમાં, નેશનલ કોન્ફરન્સ (NC) અને કોંગ્રેસ ગઠબંધન ૪૬ બેઠકો સાથે બહુમતીના આંકને સ્પર્શી ગયું છે. ભાજપ ૨૨ બેઠકો પર આગળ છે, ડઙ ૫ પર, અપક્ષો અને નાના પક્ષો ૧૨ બેઠકો પર આગળ છે. બહુમતીનો આંકડો ૪૬ છે.

બીજી તરફ નૌશેરામાંથી BJP પ્રમુખ અને કાશ્મીરી પંડિત રવિન્દર રૈના પાછળ છે. ત્યાં ગઈના સુરિન્દર કુમાર ચૌધરી આગળ છે. તો જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા બડગામ અને ગાંદરબલ સીટ પરથી મેદાનમાં છે. તેઓ બંને બેઠકો પર આગળ ચાલી રહ્યા છે. અહીંથી પીડીપીના ઉમેદવારો ઉમરથી પાછળ છે. બપોરે ૧૨-૧ વાગ્યા સુધીમાં લગભગ સ્પષ્ટ થઈ જશે કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ કોની સરકાર બનશે.

જમ્મુ-કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી ૩ તબક્કામાં ૬૩.૮૮% મતદાન થયું હતું. ૧૦ વર્ષ પહેલા યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં એટલે કે ૨૦૧૪માં ૬૫% મતદાન થયું હતું, એટલે કે આ વખતે ૧.૧૨% ઓછું મતદાન થયું હતું. નેશનલ કોન્ફરન્સ, કોંગ્રેસ, બીજેપી અને પીડીપી ઉપરાંત નાની પાર્ટીઓ હરીફાઈમાં છે.

૫ ઓક્ટોબરે યોજાયેલા એક્ઝિટ પોલમાં પાંચ સર્વે એજન્સીઓએ નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ સરકારોને બહુમતી આપ્યો હતો. અને ૫ એક્ઝિટ પોલે ત્રિશંકુ વિધાનસભાની આગાહી કરી છે.

## શેરબજારને હવે ચૂંટણી પરિણામની પણ ચિંતા

## અગાઉ જ વૈશ્વિક કારણોથી પીટાઈ રહેલા શેરબજારને પોલીટીક પ્રેસર આવશે

### હરિયાણા – કાશ્મીર ઓકે પણ તેનો પ્રભાવ જો મહારાષ્ટ્રમાં નેગેટીવ પડે તો પ્રત્યાઘાતની ટ્રીગર દબાઈ જશે

(સામના મિરર, સંવાદદાતા)

નવી દિલ્હી,તા.૮

આવતીકાલે જાહેર થનારા હરીયાણા અને જમ્મુ કાશ્મીરની ધારાસભા ચૂંટણીનાં પરિણામોથી રાજકીય અસર થશે. સાથોસાથ શેરબજાર પણ આ પરીણામોને કઈ રીતે લેશે તેની ઉત્તેજના છે.

આ પરીણામો જો શાસક



ભાજપ માટે નેગેટીવ હોય તો બજારમાં મહારાષ્ટ્ર અને ઝારખંડની ધારાસભા ચૂંટણીનાં પરીણામો અને તેની સાથે યોજાનારી લોકસભા-વિધાનસભા પેટા ચૂંટણીનાં પરીણામો માટે પણ શાસક પક્ષની ચિંતા વધશે એક તરફ શેરબજાર વૈશ્વિક ઘટનાઓથી ઘેરાયેલુ છે. અમેરીકાની ચૂંટણી પણ હવે એક માસ દુર છે.

ઈઝરાયેલ હવે ઈરાનને કંઈ રીતે જવાબ આપે છે તેના પર નજર છે. અને આ યુદ્ધ ભડકે તેવી તમામ શકયતાઓ છે અને તેથી ક્રુડતેલનાં ભાવથી લઈને ડોલર સામે રૂપિયાની નબળી સ્થિતિ પણ ચિંતા બની શકે છે.

આ તમામ ફેકટરની શેરબજારમાં કડાકા થયા બાદ હજુ અનિશ્ચિતતા યથાવત છે. જો પરીણામો ભાજપ માટે નેગેટીવ આવે તો તેની સીધી મોદી સરકારના નિર્ણયો પર પડી શકે છે. આગામી વર્ષનાં પ્રારંભમાં દિલ્હીની ધારાસભા ચૂંટણીમાં બિહારમાં પણ રાજકીય ગતિવિધી માં કંઈક રંધાઈ રહ્યું છે. ખાસ કરીને પ્રશાંત કિશોરે તેનો રાજકીય પક્ષ રચી દીધો છે.

ખાસ હવે અહી એનડીએ ઈન્ડીયા-ગઠબંધન વચ્ચે ત્રીજો પક્ષ મેદાનમાં છે. આમ રાજકીય અનિશ્ચિતતા એકબાદ એક રાજયને ઘેરી વળી રહે છે. માર્કેટના નિષ્ણાંત જી ઓકસલીંગમ કહે છે કે લોકસભા ચૂંટણીના પરીણામો માર્કેટે પચાવી લીધા છે તે હવે રાજકીય કરતા જીઓ પોલીટીકલ કારણો પર વધુ આધારીત બની ગયુ છે. અને મહારાષ્ટ્ર સિવાય બાકીનાં તમામ રાજયો નાના છે તેના પરીણામોની અસર નવી વાત હશે. જોકે મહારાષ્ટ્ર એક મહત્વનું રાજય છે. અને ત્યાં ભાજપ હારે તો નકારાત્મક અસરની હારમાળા સર્જાય હરીયાણામાં કૃષિ નીતીનો મુદ્દો તો મહારાષ્ટ્રમાં ડુંગળી સહીતનાં કૃષિ ઉત્પાદનો માટે અગાઉથી જ કેન્દ્ર સરકારે જાહેરાત કરી પાણી પહેલા પાળ બાંધી છે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ગોથા ખાતુ આપણું શેરબજાર



તાજેતરમાં ફરીવાર શેરબજારે ગોથા ખાધા છે અને રોકાણકારોના દસ લાખ કરોડ સ્વાહા થઈ ગયા છે. ઘટાડાની અસર શેરબજારમાં વ્યાપક જોવા મળી હતી, જ્યાં ૨,૮૭૫ શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે માત્ર ૯૮૫ શેર આગળ વધ્યા હતા અને ૧૦૯ શેરો યથાવત રહ્યા હતા. યુદ્ધ જેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓ લાંબા ગાળાના રોકાણકારો માટે મોટો નફો લાવી શકે છે. વિશ્લેષકો માને છે કે જો તેઓ જોખમ લેવાની ક્ષમતા ધરાવતા હોય તો આ સમય રોકાણકારો માટે તેમની મનપસંદ કંપનીઓના શેર સસ્તા દરે ખરીદવાની સારી તક હોઈ શકે છે. જો કે રોકાણકારોએ પહેલા મૂલ્યાંકન કરવું પડશે કે શું આ ભૂ-રાજકીય વિકાસ સ્થાનિક સ્તર સુધી મર્યાદિત રહેશે કે પછી વૈશ્વિક આકાર લેશે. ભૂતકાળમાં પણ ઘણી યુદ્ધ જેવી ઘટનાઓ બની છે, જેના પર બજારની પ્રતિક્રિયા જોવી ખૂબ જ રસપ્રદ છે.

ડેટા દર્શાવે છે કે બજારો સામાન્ય રીતે કોઈ પણ નકારાત્મક ઘટના અથવા અનિશ્ચિતતાની અપેક્ષાએ વધતી જતી અસ્થિરતા સાથે પ્રતિક્રિયા આપે છે, પરંતુ સમય જતાં જેમ જેમ પરિસ્થિતિ સ્પષ્ટ થાય છે તેમ તેમ શેરબજારો વધુ વેગ પકડે છે. ભૂ-રાજકીય જોખમો અલગ નથી. ઐતિહાસિક રીતે એવું જોવામાં આવ્યું છે કે ભૂ-રાજકીય જોખમોના સમયે ઈક્વિટી બજારો વધુ ઝડપથી પ્રતિક્રિયા આપે છે, પરંતુ ટૂંક સમયમાં ફરીથી સ્થિર પણ થઈ જાય છે. ઉદાહરણ તરીકે, કુવૈત પર ઈરાન દ્વારા ઈ. સ. ૧૯૯૦માં હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન બજારોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો અને તે સમયે પેટ્રોલિયમ પેદાશોની કિંમતો બમણી થઈ ગઈ હતી. જો કે ચાર મહિનામાં જ શેરબજારો ફરી ટોચના સ્તરે આવી ગયા હતા. અને ત્યારે બજાર પાસે કુવૈત તરફ જોવાનો સમય ન હતો. ભારતમાં પણ ઈ. સ. ૧૯૯૯ના મધ્યમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ દરમિયાન બજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

જો કે બજારોએ ઝડપી પુનરાગમન કર્યું ત્યારે તે સ્પષ્ટ થઈ ગયું કે આ યુદ્ધ વધુ લાંબું ચાલશે નહીં. છેલ્લા કેટલાક ટ્રેડિંગ સેશનમાં પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૂ-રાજકીય તણાવને કારણે ભારત સહિતના વૈશ્વિક બજારો દબાણ હેઠળ આવ્યા હતા. તેના કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતમાં પાંચ ટકાનો વધારો થયો અને તે પ્રતિ બેરલ ૭૫ ડોલરની આસપાસ પહોંચી ગયો. યુદ્ધ જેવી ઘટનાઓ લાંબા ગાળાના રોકાણકારો માટે ખરીદીની તકો પૂરી પાડે છે. પરંતુ એ સમજવું અગત્યનું છે કે શું આ ચાલી રહેલો સંઘર્ષ થોડા સમય માટે એટલે કે કામચલાઉ છે કે પછી પરિસ્થિતિ વધુ ખરાબ થશે. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધ દરમિયાન પણ બજારોમાં શરૂઆતી ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ, જ્યારે રોકાણકારો સમજી ગયા કે ઘટનાઓ એના સ્થાનિક સ્તર સુધી મર્યાદિત રહેશે, ત્યારે બજારે ટૂંક સમયમાં સુધારાની ગતિ પકડી લીધી હતી.

અત્યારે પણ રોકાણકારો વધુ ચિંતિત છે કે આ યુદ્ધ એના સ્થાનિક સ્તર સુધી મર્યાદિત રહેશે કે નહીં. જો સ્થિતિ નિયંત્રણમાં રહેશે તો આગામી થોડા દિવસોમાં બજારો ફરી ઉછળી શકે છે. આગામી થોડા અઠવાડિયા બજારો માટે પડકારજનક હોઈ શકે છે કારણ કે તેઓ વિધાનસભાની ચૂંટણીના પરિણામો, સપ્ટેમ્બર ક્વાર્ટર (ચર-ત્ર્હ્રર૫)ના નાણાંકીય પરિણામો, રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ અને પરિણામો પર નિર્ભર રહેશે. બજાર હજુ વૈશ્વિક સ્તરે અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અને ક્રૂડ ઓઈલના ભાવની દિશા પર પણ નજર રાખશે. ગુરુવારે ભારતીય શેરબજારમાં અરાજકતા જોવા મળી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈંઉત્રઈ બેન્ક જેવા મોટા શેરોમાં ઘટાડાની વચ્ચે બેન્ચમાર્ક સૂચકાંકો ઈજીઊ સેન્સેક્સ અને નિફ્ટી-૫૦ બે ટકાથી વધુના ઘટાડા સાથે બંધ થયા છે. મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટેના નવા નિયમોના અમલને કારણે બજારમાં નકારાત્મક વાતાવરણ છે. સતત વિદેશી ભંડોળ ઉપાડવાની ઘટનાએ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવે રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી છે.

# કોંગ્રેસ દિલ્હીમાં યોજશે પદયાત્રા, રાહુલ-પ્રિયંકા અને ખડગે જોડાશે

(સામના મિરર, સંવાદદાતા)

નવી દિલ્હી, તા.૭

રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'ની ચૂંટણી સફળતાના પુનરાવર્તનની આશામાં કોંગ્રેસ દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આ મહિને રાજધાનીમાં પદયાત્રા યોજવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીર અને હરિયાણા બાદ હવે રાહુલ ગાંધીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીની પણ તૈયારી શરૂ કરી દીધી છે. ૨૩ ઓક્ટોબરથી તેઓ દિલ્હીમાં 'દિલ્હી જોડો યાત્રા' કરશે. આ યાત્રામાં રાહુલ ગાંધી ઉપરાંત પ્રિયંકા ગાંધી અને મલ્લિકાર્જુ ખડગે પણ સામેલ થશે. તહેવારોને ધ્યાનમાં રાખી ચાર તબક્કામાં યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે 'દિલ્હી જોડો યાત્રા' દરમિયાન પાર્ટી દિલ્હીમાં ભાજપના ત્રણ વખતથી જીતી રહેલા સાંસદોની અસફળતાનો મુદ્દો બનાવશે.

કોંગ્રેસ પાર્ટી શીલા દીક્ષિત સરકારના સમયને યાદ કરીને મોદી સરકાર, એલજી અને આમ આદમી પાર્ટી વચ્ચેના વિવાદો પર પણ પ્રહાર કરશે. આ ઉપરાંત કેજરીવાલ સરકાર અને આમ આદમી પાર્ટી પર દારૂની નીતિ, ભ્રષ્ટાચાર અને વિકાસ વિરોધીના આરોપોને જોર-શોરથી ઉઠાવશે. આ દરમિયાન AAP સરકારને જુંઝુના સરકાર ગણાવવામાં આવશે. સામાન્ય માણસ માટે આરક્ષિત દિલ્હીના મુખ્ય મંત્રીની સીટનું પ્રતીક એક ખાલી ખાલી ખુરશી, અને 'દિલ્લી વાલોં આઓ દિલ્લી ચલો' સૂત્ર આ પદયાત્રાના કેન્દ્રમાં હશે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે પાર્ટીએ નિર્ણય લીધો છે કે તે પંજાબ અને હરિયાણાની તર્જ પર દિલ્હીમાં અઅડ સાથે ગઠબંધન નહીં કરશે. આ ઉપરાંત કોંગ્રેસ પાર્ટી અઅડ સરકાર પર પ્રહાર કરવા માટે આવા વિવિધ મુદ્દાઓ પર લગભગ એક ડઝન પ્રદર્શનનું આયોજન કરશે. આ સાથે જ કેસ સ્ટડી પણ લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે. જો કે, પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રમાં કેજરીવાલ I.N.D.I.A. ગઠબંધનનો હિસ્સો બની રહેશે.

# કચ્છ બન્યું ડ્રગ્સનો દરિયો, ગાંધીધામમાંથી ૧૨૦ કરોડનું ૧૧ કિલો કોકેઈન ઝડપાયું

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

પૂર્વ કચ્છ પોલીસે ગાંધીધામના ખારીરોહરમાંથી ૧૧ કિલો કોકેઈનનો જથ્થો જપ્ત કર્યો છે. રાજ્યમાંથી ડ્રગ્સ પકડવાનો સિલસિલો યથાવત છે. ડ્રગ્સનું દૂષણ દૂર કરવા માટે સરકાર અવાર-નવાર ડ્રાઈવનું આયોજન પણ કરે છે. આમ છતાં ડ્રગ્સ મળવાની ઘટનાઓમાં સતત વધારો થિયા રહ્યો છે. ત્યારે આ આજે ફરી એકવખત કચ્છમાંથી કરોડોનું ડ્રગ્સ ઝડપાયું છે. ગાંધીધામમાંથી ૧૨૦ કરોડનો ૧૧ કિલો કોકેઈનનો જથ્થો મળી આવ્યો છે. પૂર્વ કચ્છમાંથી પોલીસે કરોડોનું ડ્રગ્સ ઝડપયું છે. પૂર્વ કચ્છ પોલીસે ગાંધીધામના ખારીરોહરમાંથી ૧૧ કિલો કોકેઈનનો જથ્થો જપ્ત કર્યો છે. ઝડપાયેલા ડ્રગ્સની કિંમત આશરે ૧૨૦ કરોડ હોવાનું સામે આવ્યું છે. ત્યારે ડ્રગ્સ જપ્ત કર્યા પછી હવે કચ્છ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. એક દિવસ પહેલાં જ ગુજરાત અઝજ અને દિલ્લી ગઈઈની ટીમે સયુક્ત ઓપરેશન હાથ ધરીને ૧૮૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. ગુજરાત અઝજ અને દિલ્લી ગઈઈની ટીમે ભોપાલમાં એમ.ડી.ડ્રગ બનાવતી ફેક્ટરી ઉપર રેડ પાડીને ડ્રગ્સ અને અન્ય સામગ્રી ઝડપી પાડી હતી.




ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કચ્છમાંથી ડ્રગ્સ મળવાની ઘટનાને લઈને ભાજપ સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. શક્તિસિંહ ગોહિલે લખ્યુ, ''ગુજરાતના કચ્છ જિલ્લામાં ૧૨ કિલોગ્રામ કોકીનથી ભરેલા ૧૦ પેકેટ મળ્યા છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૨૦ કરોડ રૂપિયા છે. યુવાઓને બરબાદ કરનાર કોકીન સતત ગુજરાતમાં મળે છે. ભાજપ સરકારને ચિંતા નથી. શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા છે?''

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ગાંધીધામ પોલીસે અહીંથી થોડે દૂર મીઠીરોહર સીમમાંથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આ વર્ષે ૪ જૂન ૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર ઈંડઈક પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત અઝજએ પણ બિનવારસી હાલતમાં પડેલું ૧૩ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આમ, છેલ્લાં એક વર્ષમાં ત્રણ વખત એક જ પટ્ટામાંથી અંદાજિત ૧૦૫ કિલોગ્રામ કોકેઈનના પેકેટ કબજે કરાયાં છે.

# ૨૧૦૦ નવદુર્ગાઓને ભોજન-લ્હાણી દ્વારા અનોખી માઈ ભક્તિ

**હડમતીયા નિવાસી જયરાજસિંહ જાડેજા તથા તેમના પરિવાર ગાંધીગ્રામ વિસ્તારની તમામ પ્રાચીન ગરબીઓની ૨૧૦૦ બાળાઓને ભોજન અને લ્હાણી વિતરણ કરીને નવરાત્રિની અનોખી રીતે ઉજવણી કરી**







**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૮: ગુજરાત સહિત દેશભરમાં જગતજનની નવદુર્ગાના નવલા નોરતાની અલગ અલગ રીતે ઉજવણી કરીને માંની આરાધના કરવામાં આવી રહી છે.ત્યારે હડમતીયા નિવાસી જયરાજસિંહ જાડેજા તથા તેમના પરિવાર દ્વારા અનોખી રીતે માતાજી આરાધના કરીને માઈ ભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.જયરાજસિંહ જાડેજા અને તેમના પરિવાર દ્વારા ગાંધીગ્રામ વિસ્તારની તમામ ગરબીમાં રહેલી દીકરીઓ માટે આશાપુરા મંદિર ખાતે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને જાડેજા પરિવારની ભાવનાને બિરદાવી હતી. પ્રાચીન ગરબીઓમાં રમતી બાળાઓને સાક્ષાત નવદુર્ગાનું સ્વરૂપ માનવામાં આવે છે.આવી દીકરીઓને સેવા કરવાની તક ભાગ્યશાળી લોકોને જ તક મળતી હોય છે.હડમતીયા નિવાસી જયરાજસિંહ જાડેજા તથા તેમના પરિવારે તાજેતરમાં નવરાત્રિ દરમ્યાન શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા આશાપુરા મંદિરે આવી અનોખી સેવાનો લાભ લીધો હતો.જાડેજા પરિવાર દ્વારા ગાંધીગ્રામ વિસ્તારની તમામ પ્રાચીન ગરબીઓમાં રમતી ૨૧૦૦ જેટલી દીકરીઓને ભોજન કરાવ્યું હતું.

**નવરાત્રિ પર યોજાયેલા આ ભગીરથ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહેમાનોનું જયરાજસિંહ જાડેજા, પૃથ્વીસિંહ વાળા સહિતના પરિવારજનો દ્વારા બુકે અને શાલ ઓઢાડીને સન્માન કરાયું**

પૂર્વ સીએમ વિજયભાઈ રૂપાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ ભાજપ આગેવાન નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી, ઘનશ્યામભાઈ હેરમા, રાજદીપસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવદુર્ગા સમાન દીકરીઓનું સન્માન કરાયું હતું.

આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ ભાજપ આગેવાન નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી, ઘનશ્યામભાઈ હેરમા, રાજદીપસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવદુર્ગા સમાન દીકરીઓને ભોજન બાદ લ્હાણીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોનું જયરાજસિંહ જાડેજા, પૃથ્વીસિંહ વાળા સહિતના પરિવારજનો દ્વારા બુકે અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ અનોખા ભગીરથ કાર્યને સફળ બનાવવા ગાંધીગ્રામ વિસ્તારના યુવા કાર્યકરો ગીરૂભા જાડેજા, રવિરાજસિંહ, ઉદયસિંહ, ભીખાભાઈ, ભગીરથસિંહ, હરવિજયસિંહ, હરદીપસિહ, મનિષભાઈ, વિનુભાઈ, ઋતુરાજસિંહ, વિશાલભાઈ, હિતેષભાઈ, સત્યજીતસિંહ, મયુરસિંહ સહિતે જહેમત ઉઠાવી હતી.

# ગરબીની લાણી માટે આઈટમોનો ખજાનો

## (રૂ.૫૦ થી લઈને રૂ.૧૫૦૦સુધીની વસ્તુઓ હોલસેલ ભાવ પર મળશે




**વસંતભાઈ બગડાઈ**
મો. ૮૨૦૦૩૦ ૭૪૫૫, ૯૮૨૪૮૧ ૪૮૨૯



# શ્રી કૃષ્ણ ટોયઝ માર્ટ

**લોહાણાપરા મેઈન રોડ, હનુમાન મંદિર પાસે**

### સીંગદાણા – સીંગતેલમાં ભરપૂર પોષક દ્રવ્યો; વપરાશ વધારવા માટે અભિયાન ચલાવવા આહવાન

# ગુજરાતમાં મગફળીનું ૪૦.૫૬ લાખ ટન ઉત્પાદનનો અંદાજ ભાવ જળવાશે

### ગુજરાત એડિબલ ઓઈલ્સ – ઓઈડસીડ્ઝનન વાર્ષિક સભામાં અંદાજ રજુ કરતાં સમીર શાહ તેલ ઉદ્યોગના પ્રશ્નોની વિસ્તૃત છણાવટઃ ગોંડલ યાર્ડ મગફળી માટે તમામ સુવિધા આપશે – ચેરમેન અલ્પેશ ઢોલરીયાની જાહેરાત

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસાનો વરસાદ ભરપૂર થવા સાથે મગફળીનું ઉત્પાદન પણ ૪૦.૫૬ લાખ ટનના રેકોર્ડબ્રેક સ્તરે રહેવાનો અંદાજ ગુજરાત સ્ટેટ એડીબલ ઓઈલ્સ એન્ડ ઓઈલસીડ્ઝ એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં મુકવામાં આવ્યો હતો.જાણીતા તેલમીલર તથા સંગઠનના પ્રમુખ સમીર શાહે ગોંડલ ખાતે યોજાયેલી સંગઠનની એજીએમમાં ખાદ્યતેલ ઉદ્યોગની વિવિધ સમસ્યા તથા સંભવિત પાક થવાનો છે જ્યારે ખેડૂતોને યોગ્ય ભાવ મળે તે માટે ભાવાંતર યોજના લાગૂ કરવા રજુઆત કરવામાં આવી હતી.




પરંતુ સરકારે તેનો સ્વીકાર ન કરવા વિશે વસવસો દર્શાવ્યો હતો. મબલખ પાક છતાં નવી સીઝનના સંભવિત ભાવ વિશે તેઓએ કહ્યું કે સીંગખોળના ભાવ ઘણા નીચા હોવાથી સીંગતેલના ભાવ બહુ નીચા આવવાની સંભાવના નથી. સીંગખોળના ભાવ વધે તે માટે નિકાસ પર ડ્યુટી ડ્રો બેક જેવા લાભ આપવાની માંગ કરી હતી. પશુઓને કપાસિયાખોળની જેમ સીંગખોળનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું.

તેઓએ કહ્યું કે મગફળીના જંગી ઉત્પાદન વચ્ચે તેનો સરળતાથી નિકાલ થાય તે માટે સીંગતેલ-સીંગદાણામાં રહેલા પોષક દ્રવ્યો અને તેના આરોગ્ય લાભાભાલ વિશે લોકોને અવગત કરાવવા તથા પધ્ધતિસરનું અભિયાન છેડવા સૂર વ્યકત કર્યો હતો. આયાતી ખાદ્યતેલો પરની જકાતમાં વધારાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર આપતો ઠરાવ કરાયો હતો.

સીંગદાણા તથા સીંગતેલમાં રહેલા પોષક દ્રવ્યો વિશે પણ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સીંગદાણામાં પ્રોટીન, કેલ્શીયમ, પોટેશીયમ વિટામીન ભરપૂર હોય છે અને કેન્સર હૃદયની બિમારી સામે પણ રક્ષણ આપે છે. રાજ્યમાં બનાસકાંઠા, રાજકોટ, જામનગર, જુનાગઢ તથા દેવભૂમિ દ્વારકામાં મોટુ ઉત્પાદન થવાનો અંદાજ છે. આ તકે અતિવિશેષ તરીકે હાજર ગોંડલ માર્કેટ યાર્ડના ચેરમેન અને જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ મગફળી-સીંગતેલમાં રહેલા પોષક દ્રવ્યોની વાતને સમર્થન આપ્યું હતું. ગોંડલ યાર્ડમાં મગફળીના વેપાર માટે તમામ સુવિધા આપવાની ખાતરી આપી હતી.વિસાવદર માર્કેટ યાર્ડના પ્રમુખ વિનુભાઈ હાપાણી તથા મહુવા યાર્ડના ચેરમેન ઘનશ્યામભાઈએ પ્રાસંગિક સંબોધન કર્યા હતા. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી મોટી સંખ્યામાં તેલમીલરો-વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી રાજકોટમાં આજે જીલ્લાવાઈઝ બેઠક યોજવામાં આવશે

### સંગઠન તથા આગામી ચૂંટણી વિશે ચર્ચા–વિચારણા થશેઃ રાજકોટમાં ૪ જિલ્લા તથા બુધવારે અમરેલીમાં ૪ જીલ્લાના આગેવાનો સાથે બેઠક

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

ગુજરાતમાં પંચાયતોની આગામી ચૂંટણી તથા સંગઠન મજબુત બનાવવામાં ઉદેશ સાથે કોંગ્રેસે ઝોનદીઠ જીલ્લાવાર બેઠકો શરુ કરી છે તેના ભાગરૂપે પ્રદેશ નેતાગીરી બે દિવસ સૌરાષ્ટ્રમાં મુકામ કરશે. આજે રાજકોટમાં ચાર જીલ્લાના આગેવાનો સાથે વારાફરતી બેઠક કરશે. બુધવારે અમરેલીમાં બીજા અન્ય જીલ્લાની બેઠકો થશે.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે, ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસ્નીક, પ્રદેશ પ્રમુશ શક્તિસિંહ ગોહિલ, વિપક્ષી નેતા અમીત ચાવડા, મુખ્ય પ્રવકતા મનીષ દોશી સહિતની આખી પ્રદેશ ટીમ બે દિવસ સુધી સૌરાષ્ટ્રમાં મુકામ કરશે. રાજ્યભરમાં સંગઠન શક્તિશાળી બનાવવા માટે કવાયત કરવામાં આવી રહી છે.

ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના જીલ્લાઓના રાઉન્ડ અગાઉ પુરા કરી લેવામાં આવ્યા હતા. હવે સૌરાષ્ટ્રનો વારો લેવામાં આવ્યો છે. રાજકોટમાં કાલે, મોરબી, રાજકોટ શહેર, રાજકોટ જિલ્લા તથા જુનાગઢ એમ ચાર જિલ્લાના આગેવાનો સાથે બેઠક કરવામાં આવશે. સંગઠનલક્ષી બેઠકમાં તાલુકાસ્તર સુધીના આગેવાનોને બોલાવવામાં આવ્યા છે અને તમામ પાસેથી સંગઠનનો રીપોર્ટ માંગવામાં આવશે. નબળી કામગીરી ધરાવતા તાલુકામાં ફેરબદલીની પણ ચીમકી અપાશે. રાજકોટ બાદ બુધવારે અમરેલીમાં નેતાગીરીનો મુકામ રહેશે જ્યાં અમરેલી, ભાવનગર, બોટાદ જેવા જીલ્લાના આગેવાનો સાથે બેઠક કરાશે. દરેક જીલ્લામાંથી તાલુકાદીઠ ૫૦થી વધુ આગેવાનોને હાજરી આપવા કહેવાયું છે. એનએસયુઆઈ, યુવક કોંગ્રેસ, મહિલા સેલ સહિત તમામ મોરચાના હોદેદારો હાજર રહેશે.

દરમ્યાન પ્રદેશ નેતાગીરી સાંજે રાજકોટ આવશે. જ્યારે તમામનું ગ્રીનલેન્ડ ચોકડીથી જ જોરદાર સ્વાગત કરવાનો કાર્યક્રમ નક્કી કરાયો છે. શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીએ કહ્યું કે પ્રભારી મુકુલ વાસ્નીક પ્રથમ વખત રાજકોટ આવી રહ્યા છે. સાંજે ૭.૧૫ વાગ્યે એરપોર્ટ પર આગમન થયા બાદ રાજકોટ આવશે.

# ગૃહમંત્રી હર્ષ સંઘવી કાલે રાજકોટમાં ગરબાના આયોજનોમાં પણ આપશે હાજરી

### એસ.ટી. વર્કશોપના પેટા ડિવિઝનનું ઉદ્દઘાટન, સરપ્રાઈઝ ચેકિંગ કરશે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૮

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આગામી બુધવારે એક દિવસ રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ હર્ષ સંઘવી બુધવારે બપોરે રાજકોટ આવનાર છે અને રાજકોટ ઉપરાંત ગોંડલના પ્રવાસે જનાર હોવાનું જાણવા મળ્યું છે. જો કે, હજુ સતાવાર કાર્યક્રમની રાહ જોવામાં આવી રહી છે. વિશ્વાસપાત્ર સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આગામી બુધવારે બપોરે રાજકોટ આવનાર છે અને એસ.ટી. વર્કશોપ ખાતે બનાવવામાં આવેલા પેટા ડિવિઝનનું ઉદઘાટન તેમના હસ્તે થનાર છે. આ દરમિયાન હર્ષ સંઘવી એસ.ટી.ના કેટલાક વિભાગોમાં તેમજ એસ.ટી. બસોમાં સફાઈ અંગે સરપ્રાઈઝ ચેકિંગ પણ કરે તેવી શક્યતા છે. આ અંગે રાજકોટ એસ.ટી.ના જવાબદાર અધિકારીઓને પુછતા તેમને જણાવ્યું હતુ કે, આવી વાત અમને મળી છે પરંતુ ગૃહ રાજ્યમંત્રીના સત્તાવાર કાર્યક્રમ અંગે હજુ સુધી સરકારમાંથી અમને કોઈ માહિતી મળી નથી.



ભાજપના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, ગૃહ મંત્રી હર્ષ સંઘવી એસ.ટી. વર્કશોપના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ ગોંડલ ખાતે માજી સાંસદ રમેશભાઈ ધડુક આયોજીત ગરબામાં ઉપસ્થિત રહેનાર છે. આ દરમિયાન ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા, માજી ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, તાજેતરમાં જેલ મુક્ત થયેલ ગણેશસિંહ જાડેજા તેમજ જિલ્લા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહેનાર હોવાનું જણાવ્યા છે.

# મચ્છરોના રાસ ચાલુ - ડેંગ્યુના નવા ૨૬, સિઝનલ રોગચાળાના ૧૮૨૫ કેસ

## મેલેરીયાના પણ બે દર્દીની નોંધ : શરદી-ઉધરસના ૧૦૦૬, ટાઇફોઇડના પાંચ દર્દી સારવારમાં : બેદરકારી બદલ ૪૯૩ આસામીને નોટીસ-૬૨ હજારનો દંડ


(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૮

રાજકોટમાં નવરાત્રીના દિવસોમાં પણ મચ્છરજન્ય ડેંગ્યુના કેસ યથાવત રહ્યા છે. છેલ્લા અઠવાડિયામાં નવા ૨૬ કેસ સાથે ચાલુ ૨૦૨૪ના વર્ષમાં ડેંગ્યુના કુલ ૨૪૮ દર્દી નોંધાઇ ચૂકયા છે. તો શરદી, ઉધરસ, તાવના પણ હજારથી વધુ સહિત સીઝનલ રોગચાળાના ૧૮૨૫ દર્દી ચોપડે ચડયા છે.

આજે મનપાની આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.30-૯થી ૬-૧૦ના સમયગાળા દરમ્યાન ડેંગ્યુના ૨૬ કેસ આવ્યા છે. તો મેલેરીયાના પણ વધુ બે દર્દીની નોંધ થઇ છે. અઠવાડિયામાં શરદી-ઉધરસના ૧૦૦૬, સામાન્ય તાવના ૬૩૧, ઝાડા-ઉલ્ટીના ૧૮૩ દર્દી વધ્યા છે.

તો ખતરનાક ટાઇફોઇડના વધુ પાંચ દર્દી નોંધાયા છે. જોકે અઠવાડિયામાં ચીકનગુનીયા, કમળો, મરડો કે કોલેરાના કોઇ દર્દીની નોંધ થઇ નથી. તો અઠવાડિયામાં મચ્છર ઉત્પતિ બદલ ૪૯૩ આસામીઓને નોટીસ અપાઇ છે.




ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૯૩,૯૬૨ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૫૭૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી.સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારોને સઘન ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે બેદરકારી બદલ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૩૪૦ સ્થળે મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે.

જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૬૫ અને કોર્મશીયલ ૧૨૮ આસામીને નોટીસ અપાતા રૂા.૬૨,૩૫૦નો વહિવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. હાલ નવરાત્રીનો ઉત્સવ ઉજવાઇ રહ્યો છે.

લોકો મોડી રાત સુધી ઉજાગરા અને તે બાદ બહાર ખાન-પાન કરતા હોય છે. આથી સીઝનલ રોગચાળાની ઝપટમાં આવતા બચવા અને દિવસે પણ મચ્છરથી બચવાના પ્રયાસો કરવા આરોગ્ય વિભાગે જાહેર અપીલ કરી છે.

### ખાસ કરીને ડેન્ગ્યુ મેલેરિયા અટકાયતી માટે આટલું જરૂરી કરીએ

- પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષાની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખીએ. હવાચૂસ્ત ઢાંકણ ન હોય તો કપડાથી હવાચુસ્ત ઢાંકીને રાખીએ.
- પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરીએ.
- ફ્રિઝની ટ્રે, માટલા, કુલર, કુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરીએ.
- બિનજરૂરી ડબ્બાડુબ્લી, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરીએ.
- અગાશી, છજજામાં જમા રહેતા પાણીનો નિકાલ કરીએ.
- છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણોનો નિકાલ કરીએ.

# આરટીઓની જીજે 03 એનએસ સીરિઝનું ઓકશન

### ગોલ્ડન, સિલ્વર નંબરનું શનિવારથી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૮

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં મોટર સાયકલ પ્રકારના વાહનોને લગતી જીજે 03 એનએસ સીરિઝનું ઓકશન તા.૧૨/૧૦/૨૦૨૪થી શરૂ કરવામાં આવનાર હોય જીજે 03 એનએસ તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી વેબસાઈટ પર ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે. જે માટે અરજદારોએ નીચે દર્શાવેલ પ્રક્રિયા તેમજ સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે.




મોટર સાયકલની સીરિઝ જીજે-03-એનએસ તતા અગાઉના બાકી રહેતા ગોલ્ડન-સીલ્વર નંબરનું ઓનલાઈન ઓકશન થશે. રેગ્યુલર નંબર મેળવવા માટે તા.૧૨/૧૦/૨૦૨૪ સાંજે ૪ કલાથી તા.૧૯/૧૦ સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન કરવાની રહેશે. તેમજ તા.૧૯ના સાંજે ૪-૦૧ કલાકથી તા.૨૧/૧૦ના સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બીડીંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૨૧/૧૦ સાંજે ૪-૧૫ કલાકના પરીણામ ઓનલાઈન જાહેર થશે. વાહન વેચાણ તા.થી ૭ દિવસની અંદર સીએનએ ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજિયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહી

# મવડીમાં સાડા સાત મીટરના રસ્તે બિલ્ડરે પ્રોજેકટ અને દિવાલ ખડકી દીધાઃ ફરિયાદ

### કલેકટરના હુકમનો પણ ભંગ : મ્યુનિ. કમિશ્નરને રજૂઆત કરતા આસામી

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

મવડીના સર્વે નં.૪૧૨માં બિનખેતી જગ્યાના ૭.૫૦ મીટરના રસ્તા પર બિલ્ડરે કરેલા કહેવાતા દબાણ અને બાંધકામ અંગે મહિલા આસામીના નામે મ્યુનિ. કમિશ્નરને ફરિયાદ કરવામાં આવી છે જેમાં આ દબાણ અંગે કલેકટરે કરેલા હુકમનો અમલ કરવા માંગણી કરવામાં આવી છે.




મ્યુનિ.કમિશ્નરને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે મવડી ૪૧૨, બિનખેતીના ૭.૫૦ મીટરના રસ્તા પર રૂલ્સનો ભંગ ન થાય તે રીતે બાંધકામ કરવા શરત રાખવામાં આવી હતી. ૯ વર્ષથી આ રજુઆત થઇ રહી છે જેમાં હયાત રસ્તો સાર્વજનીક પ્લોટ ગણાય.

પરંતુ કોર્પો.ની મીલીભગતથી સાર્વજનીક જમીનને ખાનગી જમીન તરીકે બિલ્ડરને સસ્તા ભાવમાં વેંચી દેવામાં આવી છે. આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું નથી. આ જમીનમાંથી રસ્તો પસાર થતો હોય, બાંધકામની મનાઇ કરી પાણીના વહેણ માટે ખુલ્લુ રાખવા જણાવાયું હતું.

ટીપી સ્કીમમાં આવાસ માટેની જમીન ઉપરાંત આ સાર્વજનીક જમીન અનામત રાખવા હુકમ છતાં બિલ્ડરોને લાભ કરાવવામાં આવ્યો છે. અહીં પ્રોજેકટ બનાવી સરકારી જમીન પરથી કરોડોની કમાણી કરવામાં આવી છે.

આવાસ અને ટીપી વિભાગે કલેકટરના હુકમનો આજ સુધી અમલ કર્યો નથી. સાડા સાત મીટરના રસ્તા પર સબ પ્લોટીંગ કરી બિલ્ડીંગ બનાવાયું છે. દિવાલ ઉભી કરી દેવામાં આવી છે છતાં તે હટાવવામાં આવી નથી.

# ગ્રીન લિફ વોટરપાર્કમાં શેડ પર વેલ્ડીંગ કામ કરતી વેળાએ પટકાતા શ્રમિક યુવકનું કરૂણ મોત



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ. તા.૮

રાજકોટ-જામનગર રોડ પર આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં કરૂણ ઘટના ઘટી હતી. વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે વેલ્ડીંગ કામ કરતી વેળાએ એકાએક નીચે પટકાતા શ્રમિક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં મોટા મવામાં ગોલ્ડન આર્કની બાજુમાં રહેતો સાજન મુન્નાભાઈ રામ (ઉ.વ.૨૪) ગઈકાલે સવારે તે જામનગર રોડ પર બી.એ.ડાંગર કોલેજ પાછળ આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં વેલ્ડિંગ કામ કરવા ગયેલ હતો. દરમિયાન તે વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે કામ કરતો હતો ત્યારે અચાનક પગ લપસતા તે નીચે પટકાયો હતો અને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.

બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોએ ૧૦૮ ને બોલાવી યુવાનને સારવાર અર્થે એઈમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઇ ડી.બી.કારેથા અને સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક મૂળ ઉત્તરપ્રદેશનો વતની છે અને અહીં તે એકલો રહી મજૂરીકામ કરતો હતો. મૃતકને સંતાનમાં છ માસની પુત્રી અને એક વર્ષનો પુત્ર છે.

# તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે તેમ કહી યુવાનને પાડોશી પોકળ બંધુએ મારમાર્યો


## કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે કારમાં લઈ જઈ આરોપી બંધુએ યુવાનને ફડાકા ઝીંકી લમધાર્યો: આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ. તા.૮

કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે કારમાં લઈ જઈ પાડોશી આરોપી બંધુએ યુવાનને તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે તેમ કહી ઢોર મારમારતાં આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કોઠારીયા મેઈન રોડ પર મંગલ પાર્ક સોસાયટી શેરી નં.૩ માં રહેતાં જલ્પાબેન કૌશિકભાઈ ભેસાણીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય પોકળ, કલ્પેશ પોકળનું નામ આપી જણાવ્યું હતું કે, તેણી ઘરે બેસી ઈમિટેશનની મજૂરી કામ કરે છે. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે જેમાં મોટો દીકરો જસ્મીન (ઉ.વ.૧૭) ગઈકાલે બપોરના સમયે તેણી ઘરે



હતી ત્યારે જસ્મીન ઘરે આવેલ અને વાત કરેલ કે, આપણા પાડોશમાં રહેતા વિજય પોકળ તથા કલ્પેશ પોકળ બંનેએ તેને મારેલ છે, જેથી તેણીએ દીકરાને કેમ મારેલ છે તેમ પૂછતા જણાવેલ કે, આજે બપોરે પોણા બારેક વાગ્યે તે ઘરે હતો ત્યારે વિજય પોકળનો ફોન આવેલ અને કહેલ કે, બહાર આવ આપણે ગેરેજે ગાડી લેવા જવું છે, જેથી હું આપણા ઘરથી આગળ આવેલ દ્વારકાધીશ હોટલ પાસે ગયેલ અને ત્યાં આરોપી બંને ભાઈઓ કાર લઈ ઊભા હતા જેથી હું કારમાં બેસી ગયેલ અને તેમના કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે આવેલ જય ગોપાલ નામના ગેરેજ ખાતે ગયેલ હતાં. ત્યાં જઈ વિજયને કહેલ કોની ગાડી લેવા જવાનું છે તો આરોપીએ કહેલ કે, કોઈની પણ ગાડી લેવા જવાની નથી, તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે તેમ કહી ગાળો આપવા લાગેલ અને ચાર ફડાકા મારી દીધેલ હતાં. તેમજ ત્યાં ગેરેજ પાસે રહેલ લાકડાનો ધોકો લઈ વિજય ફટકારવા લાગતાં પગના ભાગે ઈજા પહોંચી હતી. તેમજ કલ્પેશે પણ માર મારેલ હતો. દરમિયાન ત્યાં લોકો દોડી આવેલ અને વિજયના પત્નીએ કહેલ કે, અમારે બંને વચ્ચે એવું કશું નથી અને વાતો પણ કરતા નથી તેમ છતાં બંને ભાઈઓએ ઝઘડો કરવા લાગેલ અને મારમાર્યો હતો.

# શાપરમાં પ્રકૃતિ વેલનેસ બોડી મસાજ પેઢીમાં પરપ્રાંતિય કર્મચારીઓની નોંધણી પોલીસમાં ન કરાવતા ગુનો દાખલ

## અન્ય રાજ્યોના કર્મચારીઓને કામે રાખી પોલીસને જાણ ન કરનાર યુનિટોમાં ચેકીંગ હાથ ધરાયુ હતું

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

શાપરમાં પ્રકૃતિ વેલનેસ બોડી મસાજ પેઢીમાં પરપ્રાંતિય કર્મચારીઓની નોંધણી પોલીસમાં ન કરાવતા ગુનો દાખલ થયો છે. અન્ય રાજ્યોના કર્મચારીઓને કામે રાખી પોલીસને જાણ ન કરનાર યુનિટોમાં ચેકીંગ હાથ ધરાયુ હતું.આ અંગે પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ, રાજકોટ જિલ્લામાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ,




ખેતીકામ તથા અન્ય વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ કરી રહ્યા હોય, તેની નોંધણી સંબંધિત પોલીસ સ્ટેશને કરાવવા રાજકોટ જિલ્લા અધિક મેજીસ્ટ્રેટનું જાહેરનામું છે.

જાહેરનામાની ચુસ્ત પણે અમલવારી કરાવવા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ચેકીંગ દરમિયાન વેરાવળ ગામ મેઈન રોડ પર આવેલા પ્રગતિ મોલના ત્રીજા માળે પ્રકૃતિ વેલનેસ નામની પેઢી આવેલી હોય ત્યાં તપાસ કરતા પેઢીમાં રહેલ કર્મચારીઓનું પોલીસ વેરીફીકેશન કરાવેલ નહીં હોવાનું જાણવા મળ્યું હતું.

જેથી બોડી મસાજનું કામ કરતી પ્રકૃતિ વેલનેસ નામની પેઢીના સંચાલક કરણવીર લખમા રામજી માલી (ઉ.વ.૨૬, રહે.હાલ- વેરાવળ ગામ મેઈન રોડ પ્રગતિ મોલના ત્રીજા માળે આવેલ દુકાનમાં, મુળ જિ.જાલોર રાજસ્થાન) સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સંચાલકની અટકાયત કરી હતી.

# આજીડેમ ચોકડી પાસેથી રૂા.૧.૪૦ લાખનો દેશી દારૂ ભરેલ બોલેરો ઝડપાઈ

## આજીડેમ પોલીસે દરોડો પાડતાં જ દારૂનો ધંધાર્થી નાસી છૂટ્યો ૭૦૦ લિટર દારૂ સહિત રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી પોલીસે બોલેરો ચાલકની શોધખોળ હાથ ધરી

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ. તા.૮

આજીડેમ ચોકડી પાસેથી રૂ.૧.૪૦ લાખનો દેશી દારૂ ભરેલ બોલેરો ગાડીને પોલીસે ઝડપી પાડી કુલ રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી નાસી છૂટેલા દારૂના ધંધાર્થીની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઇ જનકસિંહ રાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઇ હારુનભાઈ ચાનીયા તથા રવિ વાંક અને કોન્સ્ટેબલ દેવા ધરજીયાને



આજીડેમ ચોકડી પાસે રામવનના ખુણા પાસે એક બોલેરો પડેલ છે તેમાં દેશી દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડતાં ગાડી પાસે કોઇ હાજર મળેલ નહી રેઢી મળી આવેલ અને ગાડીમાંથી કેફી પ્રવાહીની વાસ આવતી હોય જેથી ગાડીની અંદર તપાસ કરતાં તેમાં પ્લાસ્ટીકની નેટ ઢાંકેલ હોય જે હટાવી જોતા સફેદ પ્લાસ્ટીકના બાચકા ૨૮ માંથી કુલ બુંગીયા નં.૧૪૦, ૭૦૦ લીટર દેશી દારૂ મળી આવતાં રૂ.૧.૪૦ લાખનો દેશી દારૂ, બોલેરો સહિત રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી નાસી છૂટેલા બોલેરો ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

### રાજકોટ મનપા અને જર્મન એજન્સી દ્વારા કમ્પલીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ પર વર્કશોપ યોજાયોઃ નિષ્ણાંતોની હાજરીમાં રસ્તાની વાસ્તવિક ડિઝાઇન પર ચર્ચા

# અંધજનો-દિવ્યાંગો માટે રોડ કેટલા કામના? ઈજનેરોને આંખે પાટા બાંધી-વ્હિલચેરમાં બેસાડીને ટ્રેનિંગ!

### અધિકારીઓને રાહદારીઓ, સાયકલસવારો સહિતના વર્ગની જરૂરીયાત સમજાવાઈઃ હવે તમામ વર્ગને ઉપયોગી ડિઝાઇન બનાવવા કમિશ્નરની સૂચના

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

રાજકોટ સહિતના કોઈપણ મહાનગરોમાં ખાડા વગરના રોડને આદર્શ ગણી લેવામાં આવે છે. પરંતુ અંધ સહિતના દિવ્યાંગો, વ્હીલચેર પર જતા લોકો, ટ્રોલીમાં બેસાડીને લઇ જવામાં આવતા ભુલકાઓ, સાયકલ, રાહદારીઓ માટેની જગ્યા પણ રોડ પર હોય તો જ તે આદર્શ ગણી શકાય તેવો નવો વિચાર છે.

આ વિષય સાથેના કમ્પલીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ અંગે જર્મનીની એજન્સી અને કેન્દ્ર સરકાર દ્વારા મનપા અધિકારીઓ માટે બે દિવસના વર્કશોપ અને પ્રેક્ટીલ તાલીમનું આયોજન કરાયું હતું. જેના અંતે કમિશ્નરે તમામ વર્ગના



લોકો માટે ઉપયોગી બને તેવી રસ્તાની ડિઝાઈન બનાવવા ઈજનેરોને જણાવ્યું છે.

વર્કશોપ બાદ મનપાના ઈજનેરોને નિષ્ણાંતોની ટીમે પ્રેકટીકલ અનુભવ પણ કરાવ્યા હતા. જેમાં ઈજનેરોને આંખે પાટા બાંધી રસ્તે ચાલવા કહેવાતા તેમને અંધજનોની હાલત માલુમ પડી હતી. વ્હીલચેર પણ ચલાવવા આપતા દિવ્યાંગોને રસ્તેથી પસાર થવામાં કેવી મુશ્કેલી પડે તેવો અનુભવ થયો હતો. આથી રાજકોટમાં નવા રસ્તા દરેક વર્ગના લોકોને અનુકુળ બનવા જોઈએ તેવું તારણ નીકળ્યું હતું.

જર્મનીની એજન્સી જીઆઈઝેડના સમર્થન સાથે કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઈકોનોમિક કો-



ઓપરેશન દ્વારા કમિશન્ડ કરાયેલ સસ્ટેનેબલ અર્બન મોબિલિટી, એરક્વોલિટી, ક્લાઈમેટ એક્શન અને એક્સેસિબિલિટી સંબંધિત ક્ષેત્રના પ્રોજેક્ટની અમલવારી માટે ટેકનીકલ સહયોગ મળી રહ્યો છે. આ પ્રોજેક્ટ ભારતના પાંચ રાજ્યો (ઓડિશા, ગુજરાત, કેરળ, કર્ણાટક અને મેઘાલય)માંથી પસંદ કરેલા નવ શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતમાંથી રાજકોટ અને સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત થોડા સમય પહેલા યોજાયેલા વર્કશોપમાં કમ્પ્લીટ સ્ટ્રીટના સિદ્ધાંતોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તે અનુસંધાને કોર્પો. અને જીઆઈઝેડ દ્વારા તા. ૫ અને ૬ના રોજ કોર્પો.ના અધિકારીઓ માટે વર્કશોપ યોજાયો હતો. જેમાં કમિશનર દેવાંગ દેસાઈ, ડે.કમિશનર સ્વપિનલ ખરે, ચેતન નંદાણી, સિટી એન્જી. વાય.કે. ગોસ્વામી, પરેશ અઢિયા તેમજ ટીમ લીડર મંજુનાથ શેખર, નિલેશ પ્રજાપતિ અને ફરાઝ અહમદ વગેરે હાજર રહ્યા હતા.

# હાથમાં ઈજાની સારવાર કરાવી પરત ફરતા ટ્રેકટરે ઠોકર મારી, ૧૮ વર્ષીય યુવાનનું મોત

### બહેન દિવ્યા અને માતા નંદુબેનની નજર સામે જ બનાવ બન્યો

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮


રાજકોટમાં અકસ્માતનું એપી સેન્ટર બનેલા કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે વધુ એક અકસ્માત મોતની ઘટના બની છે. હાથમાં ઈજાની સારવાર કરાવી પરત ફરતા ટ્રેક્ટરે ઠોકર મારતા બે બહેનનોના એકના એક ૧૮ વર્ષીય ભાઈનું મોત થયું છે. મૃતક મિહિર રાણાભાઈ વેગડા (ઉં. વ.૧૮)નો પરિવાર મૂળ પોરબંદરનો વતની છે. તે હાલ મૃતક શાપર વેરાવળ ખાતે તેમના બહેન સાથે રહેતો હતો.

મિહિરની સારવાર કરાવી મિત્ર અજયસિંહ સોઢાની રિક્ષામાં પરત આવતા હતા ત્યારે બહેન દિવ્યા અને માતા નંદુબેનની નજર સામે જ બનાવ બન્યો હતો. આ અંગે



ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદી દિવ્યાબેન રાણાભાઈ વેગડા (ઉં.વ.૨૦, રહે. શાંતિધામ ગેટ નંબર ૧, મફતિયાપરા વેરાવળ - શાપર)એ ફરિયાદમાં જણાવ્યું કે, તા.૫/૧૦/૨૦૨૪ ના સવારના ૧૦ વાગ્યે હું તથા મારા માતા નંદુબેન તથા બહેન અવનીબેન તથા ભાઈ મિહિર અમે ચારેય મારા ભાઈ મિહિરના મિત્ર અજયસિંહ ભીખુભા સોઢાની ઓટો રીક્ષા નંબર જીજે - 03 બીએલ - ૯૬૪૦ માં રાજકોટ કોઠારીયા રોડ લોટસ હોસ્પિટલ ખાતે મારા ભાઈ મિહિરને જમણા હાથમાં ઈજા થયેલ હોય જેથી બતાવવા આવેલ હતા. સારવાર કરાવી હોસ્પિટલથી શાપર જતા હતા.ત્યારે આશરે સાડા બાર વાગ્યે કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે પુલ ઉપર પહોંચતા સામેથી અજાણ્યા ટ્રેક્ટરનો ચાલક પૂર ઝડપે બેફિકરાયથી ચલાવી અમારી રીક્ષાની જમણી બાજુ ઠોકર મારતા મારા ભાઈને જમણા હાથમાં તથા માથાના ભાગે ગંભીર ઈજા થતા અમે તેને સારવાર માટે લોટસ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ જ્યાં ચાલુ સારવાર દરમ્યાન ડોક્ટરે મારા ભાઈ મિહિરને અકસ્માતમાં માથાના ભાગે તથા જમણા હાથમાં ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું.

# રીક્ષા ચોરીના ગુનામાં બગસરાના મોણપરનો શખ્સ દબોચાયો



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

રીક્ષા ચોરીના ગુનામાં બગસરાના મોણપરના આરોપી વિરમ ઉર્ફે રાજેશ સાથરીયાને પોલીસે દબોચી લીધો હતો. જેતપુર ઉદ્યોગનગર પોલીસે રીક્ષા કબ્જે કરી હતી.

જેતપુરના રબારીકા રોડ પર ભારત ગેસ ગોડાઉન પાસેથી તા.૩/૧૦ની રાત્રીના સમયે ગેસના સિલિન્ડર હેરફેરમાં ઉપયોગ લેવાતી છકડો રીક્ષાની ચોરી થઈ હતી. જે અંગે ભાવેશભાઈ લાખાભાઈ સાકરીયા (ઉં. વ.૪૮, રહે. જેતપુર, અમરનગર રોડ, શિવમ પાર્ક)એ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમ ગુનાનો ભેદ ઉકેલવા અને આરોપીની શોધખોળમાં તપાસમાં હતી.

સર્વેલન્સ ટીમ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સ તથા સી.સી.ટીવી. મારફતે અલગ-અલગ દીશામાં ગુનો શોધી કાઢવા પ્રયત્નશીલ હતી. દરમ્યાન હેડ કોન્સ. રીઝવાનભાઇ સિંજાતને મળેલ હકીકત આધારે ચોરાઉ છકડો રીક્ષા સાથે આરોપી વિરમ ઉર્ફે રાજેશ જેન્તી સાથરીયા (હાલ રહે. જેતપુર બસ સ્ટેશનમાં, મુળ રહે. મોણપર ગામ, તા.બગસરા, જિ.અમરેલી)ને ઝડપી લેવાયો હતો. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરી લમાં. જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ ડો.એમ.એમ.ઠાકોર, પીએસઆઇ કે.એસ.ગરચર, ભાવેશભાઇ મકવાણા (એલ.સી.બી.) વગેરે ફરજમાં રહ્યા હતા.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# નાગરિક બેંકની ૨૧ બેઠકો માટેની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

## ૧૮મી ઓકટોબરે મતદાર યાદી પ્રસિધ્ધિઃ ૨૯મીથી ફોર્મ ભરવાની પ્રક્રિયાઃ ૧૧ નવેમ્બર ચૂંટણીઃ ૧૯ નવેમ્બરે નવા હોદ્દેદારોની ચૂંટણી

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

રાજકોટની સહકારી ક્ષેત્રની સૌથી મોટી મલ્ટીસ્ટેટ બેંક એવી નાગરિક સહકારી બેંકમાં મહિનાઓથી ચાલી રહેલા આંતરિક વિવાદ અને કૌભાંડોના આક્ષેપો વચ્ચે હવે ચૂંટણીનું એલાન થયું છે. ૧૮ ઓક્ટોબરથી ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે અને ૧૧ નવેમ્બરે મતદાન યોજાશે. બે જુથો ખુલ્લેઆમ મેદાને હોવાથી ચૂંટણી પ્રક્રિયા ઘણી રસપ્રદ બની રહેવાનું માનવામાં આવે છે.

રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણીના રીટર્નીંગ ઓફિસર તરીકે જિલ્લા કલેકટર રહેશે. ૨૧ ડાયરેક્ટરો માટે આ ચૂંટણી હશે જેમાં ૧૮ ડાયરેક્ટરો જનરલ કેટેગરીના, એસ.સી.-એસ.ટી.ના એક તથા બે મહિલા ડાયરેક્ટર હશે. ૧૩ ડાયરેક્ટરો રાજકોટના ડેલીગેટ પસંદ કરશે જયારે બાકીના પાંચ રાજકોટ સિવાયના ક્ષેત્રોના ડેલીગેટ ચૂંટશે. નાગરિક બેંકમાં ૩૩૭૮૨૦ સભ્યો છે.

જાહેર થયેલા ચૂંટણી કાર્યક્રમ મુજબ ૧૮મી ઓકટોબરે સભ્યો પબ્લીક ડેલીગેટનું લીસ્ટ જાહેર કરાશે. ૧૯ થી ૨૩ ઓકટોબર દરમ્યાન તે સમયે વાંધા સૂચનો આપી શકાશે. ૨૪થી ૨૭ ઓકટોબરે વાંધા સૂચનોની ખરાઇ થશે અને ૨૮મી ઓકટોબરે મતદારોની આખરી યાદી પ્રસિધ્ધ થશે. ૨૯ ઓકટોબરથી ફોર્મ આપવા અને ભરવાની પ્રક્રિયા શરૂ થશે જે ૨ નવેમ્બર સુધી ચાલશે. ૨ નવેમ્બરના રોજ ઉમેદવારોની યાદી પ્રકાશીત થશે.

૪થી નવેમ્બરે ઉમેદવારો ઉમેદારીપત્રોની ચકાસણી થશે અને તે જ દિવસે માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરાશે. ૫ નવેમ્બરે ફોર્મ પાછા ખેંચી શકાશે અને ૧૧ નવેમ્બરે ચૂંટણી યોજાશે. મત ગણતરી ૧૨ નવેમ્બરે થશે અને ૧૫મીએ કો-ઓપરેટીવ ઇલેકશન ઓથોરીટીની મંજૂરી બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. ડાયરેકટરો માટેની ચૂંટણી યોજાયા બાદ ૧૮મીએ હોદ્દેદારોની નિયુકિત માટે પ્રક્રિયા શરૂ થશે અને તેના માટે ફોર્મ ભરી શકાશે. ૧૯મીએ નવનિયુકત ડાયરેકટરોની પ્રથમ બોર્ડ મીટીંગ યોજાશે અને તેમાં હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવશે.




નાગરિક બેંકની ચૂંટણી જાહેર થતાની સાથે જ કેટલાક મહિનાઓથી સામસામા થયેલા બંને જુથો હવે ખુલ્લેઆમ મેદાને આવે અને ચૂંટણીમાં ઝંપલાવે તેમ માનવામાં આવી રહ્યું છે. નાગરિક બેંક બચાવ સંઘ દ્વારા તો જાહેર કરી દેવામાં આવ્યું જ છે કે નવા ડાયરેકટરો પ્રમાણીક અને નિસ્વાર્થ હોય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે.

મુંબઇ, જુનાગઢ સહિતની બ્રાંચોમાં લોન આપવામાં મોટા પાયે ગરબડ થઇ છે અને રીઝર્વ બેંક પણ તેનાથી ચોંકી છે. બેંકનો ખુલાસો પણ માંગવામાં આવ્યો છે. ઉપરાંત ફ્રોડની વિગતો જાહેર કરવાનું પણ કહેવાયું છે. આ સંજોગોમાં આવતા દિવસોમાં મોટા ધડાકા ભડાકા થવાનો દાવો સંઘના અગ્રણીઓ ચંદુભા પરમાર, વિબોધ દોશી, બાલુભાઇ શેઠ, ઉમેશ દફતરી વગેરેએ કર્યો છે.

નાગરિક બેંકનો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે તેવા સમયે બેંકના પૂર્વ ચેરમેન અને સ્થાપક સ્વ.અરવિંદભાઇ મણીયારના પરિવારના કલ્પક મણીયારનો એક સનસનીખેજ વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે તેમાં તેઓ કૌભાંડીયાઓને નહીં છોડવા અને સત્યની પડખે રહી સાડા ત્રણ લાખ સભાસદોની ચિંતા કરવાનો દાવો કરી રહ્યા છે. ચૂંટણીના સમય અને આ વિડીયોને કનેકશન છે કે કેમ તે વિશે પણ સહકારી ક્ષેત્રમાં ચર્ચા શરૂ થઇ છે.

કલ્પક મણીયારના વિડીયોમાં તેઓ એમ કહે છે કે ૨૦૧૨માં પોતે પદ છોડયું ત્યારપછી ગરબડ વિશે ગંધ આવી હતી અને તત્કાલીન ડાયરેકટરનું ધ્યાન દોર્યુ હતું તેઓએ અવાજ ઉઠાવતા તેમને પણ બોર્ડમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. નાગરિક બેંકના ફ્રોડ વિશે પરિવારમાં ચર્ચા કર્યા બાદ તે ખુલ્લુ કરવા માટે અને સત્યની પડખે રહેવા નિર્ણય લીધો છે. પરિવારને બદલે બેંકના સાડા ત્રણ લાખ સભાસદોના હિતને પ્રાધાન્ય આપીને સત્યની પડખે ઉભો રહીશ.

# ફાયર NOC માટે ફટાકડાના ધંધાર્થીઓમાં દોડાદોડી

### નવરાત્રિ આયોજનોની જેમ જ નિયમોની કડક અમલવારીઃ પોલીસની મંજૂરીમાં કડકાઇ જાહેરમાં બજાર નહીં ભરાય?




(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૮

રાજકોટમાં ચાલુ વર્ષે નવરાત્રીના દિવસોમાં પણ ફાયર નિયમોનો કડક અમલ કરાયો છે ત્યારે ફટાકડાના ધંધાર્થીઓ માટે આકરા નિયમોની અમલવારી થવાની છે. જેનાથી ફાયર બ્રિગેડ શાખામાં ધંધાર્થીઓની અવર-જવર વધી ગઇ છે.ફટાકડાના ધંધા માટે અને હંગામી સ્ટોલ માટે પણ ફાયર એનઓસી લેવામાં આવે છે. આ વર્ષેથી આ હંગામી ધંધા માટે પણ કડક નિયમો અમલમાં મુકાયા છે. જે કારણે રસ્તા ઉપર તેમજ જાહેરમાં પ્લોટમાં ફટાકડાના સ્ટોલ નહીવત જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે રસ્તા પર વેચાતા ફટાકડા અને આવા જાહેર સ્થળે સલામતી સાથે પ્રશ્ન રહે તેમ છે.જાણવા મળ્યા મુજબ શહેરમાં એકાદ હજારથી વધુ ફટાકડાના સ્ટોલને મંજુરી આપવામાં આવે છે. સદર, સામાકાંઠાથી માંડી મવડી સુધી આવા સ્ટોલ ઉભા થાય છે. પરંતુ આ વખતે નિયમોનું કડક પાલન થાય તો બહુ ઓછા સ્ટોલને એનઓસી મળે તેમ છે.નવરાત્રીની જેમ જ ફાયર બ્રિગેડના સર્ટીફીકેટ બાદ પોલીસની મંજુરી મળે તેવું બનવાનું છે. તેમાં પણ બંને ખાતાની સ્થળ તપાસ મહત્વની બનશે. માત્ર સિઝનલ નહીં પરંતુ બારે મહિના ધંધો કરતા વેપારીઓ પણ હાલ ચિંતામાં હોવાનું જાણવા મળ્યું છે.

### તુ તો કાળીને કલ્યાણી રે... માઁ

# સોરઠીયાવાડી ગરબી મંડળ માટેલ ચોકની જોગણીયુનો મહાકાળી અસુરવધ રાસને લોકોએ અપલક નિહાળ્યો



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૮

નવરાત્રીમાં નવ દિવસ જોગણીયુઓ અવનવા પ્રાચીન રાસ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કરે છે. ત્યારે રાજકોટના સોરઠીયાવાડી માટેલ ચોકમાં છેલ્લા ૬૩ વર્ષથી યોજાતી સોરઠીયાવાડી ગરબી મંડળની બાળાઓ રોજ અદભુત રાસ રજુ કરે છે. જેમાં માતાજીની વાર્તા અને પરચા દર્શાવવામાં આવે છે. ગઇકાલે મહાકાળી અસુર વધ રાસ રજુ કરવામાં આવ્યો હતો.

આ રાસ જોવા લોકો દુર દુરથી ઉમટયા હતા અને બાળાઓને રાસ નિહાળ્યો હતો. મહાકાળી અસુર વધ રાસ ૨૦ મીનીટ સુધી ચાલ્યો હતો અને લોકોએ અપલક રાસ નિહાળ્યો હતો દર વર્ષે આ રાસ બાળાઓ દ્વારા રજુ કરવામાં આવે છે. આજે પંચેશ્વરી પંચમહાભુત રાસ, શુંભ નીશુંભ અસુર વધ રાસ રજુ કરવામાં આવશે તેમજ આગામી નવરાત્રીના દિવસોમાં ગળધરી વાળીનો ખોડીયાર રાસ, પ્રાચીન અડીંગો રાસ રજુ કરાશે. બાળાઓ આ રાસ માટે એક માસથી પ્રેકટીસ કરે છે. પંચેશ્વરી પંચમહાભુત રાસ એક કલાક અને શુંભ નીશુંભ અસુર વધ રાસ દોઢ કલાક રજુ થાય છે. રાસ દ્વારા સમગ્ર વાર્તા લોકો સમક્ષ પહોંચાડવામાં આવે છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.08/10/2024 TUESDAY 

# આભની અટારીએથી ભારતવાસીઓનું રક્ષણ કરતી ભારતીય વાયુસેનાની બહાદુરીને સલામ કરવાનો દિવસ એટલે

# ‘ભારતીય વાયુસેનાનો ૯૨મો દિવસ’



**આત્મનિર્ભરતા પ્રતિ આગેકદમઃ ભારતીય વાયુસેનામાં સ્વદેશી રીતે વિકસિત એરક્રાફ્ટનો સમાવેશ, જે આત્મનિર્ભર ભારતની દિશામાં સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે, રાફેલ, તેજસ, જેગુઆર, મિગ–૨૯, મિરાજ–૨૦૦૦, પેરા–ટ્રુપર્સ જેવા શકિતશાળી એરક્રાફટ સાથે દુનિયાની ચોથી સૌથી શકિતશાળી વાયુસેના**



**(સામના મિરર, સંવાદદાતા)**

‘‘ગૌરવ સાથે આકાશને સ્પર્શ કરો‘‘ - શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં ૧૧માં અધ્યાયમાં ભગવાન કૃષ્ણ દ્વારા અર્જુનને વિશ્વરૂપના દર્શન દરમિયાન આપવામાં આવેલ ઉપદેશનાં અંશને સૂત્ર બનાવી અદમ્ય સાહસ અને શૌર્ય થકી ગૌરવભેર આભની અટારીએથી ભારતવાસીઓનું રક્ષણ કરતી ભારતીય વાયુસેનાની બહાદુરીને સલામ કરવાનો દિવસ એટલે ‘‘ભારતીય વાયુસેના દિવસ‘‘. દર વર્ષે ૦૮ ઓક્ટોબરનાં રોજ સમગ્ર દેશમાં ઉત્સાહભેર આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જમીન પર લડતી સેનાને ટેકો આપવા માટે અવિરત કાર્યરત એરફોર્સ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધારવા માટે સમગ્ર દેશમાં વાયુસેના દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવી એરમેનની બહાદુરીને પણ સલામ કરવામાં આવે છે, કે જેઓ પોતાની અસીમ ક્ષમતા દ્વારા દેશની સુરક્ષાને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. આ વર્ષે દેશમાં ભારતીય વાયુસેના દિવસની ૯૨ મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય વાયુસેના વિવિધ શહેરોમાં વાયુસેના દિવસની ઉજવણીનું આયોજન કરી રહી છે. ગયા વર્ષે આ કાર્યક્રમ પ્રયાગરાજમાં અને તેના એક વર્ષ પહેલા ચંદીગઢમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ વર્ષે ભારતીય વાયુસેના દ્વારા ૯૨મી વર્ષગાંઠ અન્વયે ૨૧ વર્ષમાં પ્રથમ વખત તમિલનાડુના ચેન્નાઈમાં મરિના એરફિલ્ડ ખાતે એર એડવેન્ચર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય વાયુસેનાના ૭૨ વિમાનો સુલુર, તંજાવુર, તાંબરમ, અરક્કોનમ અને બેંગલુરુથી ઉડાન ભરી હતી. આ એર શોમાં ભારતનું ગૌરવ કહેવાતા સ્વદેશી બનાવટના લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસની સાથે રાફેલ, MiG-29 અને Sukhoi-30 MKI જેવા આધુનિક લડાકુ વિમાનોએ પણ ફ્લાયપાસ્ટમાં ભાગ લીધો હતો. આ એર શોને અત્યાર સુધીમાં સૌથી મોટા અને ભવ્ય પ્રદર્શનમાંના એક હોવાની સાથે સૌથી વધુ ૧૫ લાખ લોકોએ નિહાળ્યો હોવાથી લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ માં સામેલ કરવામાં આવ્યો હતો. વધુને વધુ લોકો દેશની હવાઈ ક્ષમતાના સાક્ષી બની શકે તે હેતુસર આ ભવ્યાતિભવ્ય આયોજન વાયુસેના દ્વારા કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ‘‘આત્મનિર્ભર ભારત‘‘ની નેમને સાર્થક કરવા આત્મનિર્ભરતા પ્રતિ આગેકદમ થકી ભારતીય વાયુસેના દ્વારા સ્વદેશી રીતે વિકસિત અનેક એરક્રાફ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આત્મનિર્ભર ભારતની દિશામાં સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને વધુ મજબૂત અને શક્તિશાળી બનાવશે. રાફેલ, તેજસ, જેગુઆર, મિગ-૨૯, મિરાજ-૨૦૦૦, પેરા-ટ્રુપર્સ જેવા અનેકવિધ શકિતશાળી એરક્રાફટ સાથે દુનિયાની ચોથી સૌથી શકિતશાળી ભારતીય વાયુસેના તેના પરાક્રમ અને અદમ્ય સાહસ માટે દુનિયાભરમાં જાણીતી છે.

આજના દિવસે વર્ષ ૧૯૩૨ માં યુનાઈટેડ કિંગડમની રોયલ એર ફોર્સ માટે સહાયક દળ તરીકે ઈન્ડિયન એરફોર્સની સ્થાપના કરવામાં આવી હતી. પહેલી વખત વાયુસેનાએ ૦૧ એપ્રિલ, ૧૯૩૩ નાં રોજ ઉડાન ભરી હતી. પહેલું ઓપરેશન વજીરિસ્તાનમાં કબાલીઓ વિરુદ્ધ હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એનું વિસ્તરણ કરવામાં આવ્યું. આ દરમિયાન બર્મામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી ઈન્ડિયન એરફોર્સે જબરદસ્ત પ્રદર્શન કર્યા બાદ તેને ‘‘રોયલ‘‘ ઉપસર્ગ આપવામાં આવ્યો. આ રીતે ‘‘ઈન્ડિયન એરફોર્સ (ઈંઅ‌ઋ) ‘‘રોયલ ઈન્ડિયન એર ફોર્સ (છઈંઅ‌ઋ)‘‘ તરીકે જાણીતું બન્યું. આઝાદી પછી રોયલ ઉપસર્ગ કાઢી એરફોર્સને નવું નામ મળ્યું. આઝાદી પહેલા એરફોર્સ પર આર્મીનો કંટ્રોલ હતો. એરફોર્સને આર્મીના કમાન્ડથી સ્વતંત્ર બનાવવાનું ક્રેડિટ ઈન્ડિયન એરફોર્સના પહેલા કમાન્ડર ઈન ચીફ એર માર્શલ સર થોમસ ડબલ્યુ એલ્મહર્સ્ટને જાય છે. તેઓ ભારતીય વાયુસેનાના પહેલા ચીફ એર માર્શલ હતા. હાલ ચીફ માર્શલ તરીકે અમરપ્રીત સિંહ પદભાર સાંભળી રહ્યા છે. વાયુસેનાનું મુખ્યમથક દેશની રાજધાની દિલ્હીમાં આવેલું છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ જિલ્લા સ્થિત હિંડન એરફોર્સ સ્ટેશન એશિયાનું સૌથી મોટું એરફોર્સ સ્ટેશન છે.

**વાયુસેનાનો ધ્વજઃ** ભારતીય વાયુ સેનાનો ધ્વજ તેના સિમ્બોલથી અલગ વાદળી કલરનો છે. જેમાં એક ચતુર્થાંશ ભાગમાં રાષ્ટ્રીય ધ્વજ, મધ્યભાગમાં રાષ્ટ્રધ્વજના ત્રણેય રંગ કેસરી, સફેદ અને લીલા રંગનાં બનેલા એક ગોળ સાથનો આ ધ્વજ ૧૯૫૧ માં અપનાવવામાં આવ્યો હતો.

ભારતને તમામ સંભવિત જોખમોથી બચાવવાની સાથે મુશ્કેલી સમયે રાહત તેમજ બચાવકાર્ય પણ વાયુસેના દ્વારા હાથ ધરવામાં આવે છે. વાયુસેના બીજા વિશ્વયુદ્ધ, ભારત-ચીન યુદ્ધ, ઓપરેશન કેક્ટસ, ઓપરેશન વિજય યુદ્ધોમાં સામેલ થઈ અદમ્ય પરાક્રમ અને સાહસની અનુભૂતિ કરાવી દેશને સુરક્ષા બક્ષી છે. ભારતીય વાયુ સેનાએ ઘણા મહત્વના ઓપરેશન પાર પાડી દુશ્મનો સામે જીત મેળવીને દેશનું ગૌરવ વધાર્યું છે.



# આમાં ક્યાંથી ભણશે ગુજરાત !?



રિપોર્ટર :- ગૌરવ ગાજીપરા-વીરપુર

### જિલ્લા શિક્ષણઅધિકારીએ આ બાબતે તસ્તી લેવાને બદલે હાથ ઊંચા કર્યાઃ વિરપુરની ૫૯ જેટલી વિદ્યાર્થીનીઓને બે વર્ષથી સાયકલો ન મળતા વાલીઓમાં રોષ ફેલાયો

## યાત્રાધામ વીરપુરમાં હાઈસ્કૂલોમાં વિદ્યાર્થીનીઓને બે વર્ષથી સાયકલો વિતરણ જ નથી કરાઇ

**(સામના મિરર, સંવાદદાતા)**

વિરપુર, તા. ૮: સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં માતુશ્રી મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ૫૯ જેટલી વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવતી સાયકલો બે વર્ષથી આપવામાં ન આવી હોવાની વિગતો સામે આવી છે.

ગુજરાત સરકારની સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ ૮ પાસ કરી ધોરણ ૯ માં પ્રવેશે તેવી વિદ્યાર્થિનીઓ માટે આ યોજનામાં સરકાર દ્વારા સાઈકલ આપવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થિનીઓને શાળાએ જવામાં મુશ્કેલી ના પડે અને તેઓ અભ્યાસ કરી શકે. માટે આ સાયકલ આપવામાં આવે છે. પરંતુ સરકારના જવાબદાર અધિકારીઓની લાપરવાહીથી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને સાયકલ મળતી નથી ત્યારે રાજકોટ જીલ્લાના યાત્રાધામ વીરપુરમાં મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલમાં વીરપુર તેમજ આજુબાજુના કાગવડ ,થોરાળા,જેપુર સહિતના ગામડાઓ માથી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા માટે વીરપુર આવે છે પરંતુ આ વિદ્યાર્થીનીઓને સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવતી સાયકલો ગયા વર્ષની તો નથી મળી પરંતુ આ ચાલુ વર્ષની પણ સાયકલો હજુ સુધી મળી નથી, સામાન્ય રીતે આ યોજનાની સાયકલો જાન્યુઆરી કે ફેબ્રુઆરી માસમાં વિતરણ કરી આપવામાં આવતી હોય છે પરંતુ ગયા વર્ષની અને ચાલુ વર્ષની એમ બે વર્ષથી વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરવામાં આવી નથી જેમને લઈને વીરપુર અભ્યાસ કરવા આવતી વિદ્યાર્થીનીઓને મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે ત્યારે વિદ્યાર્થીની ઓને સાઇકલો વિતરણ ન કરી હોવાનો બેવર્ષ ઉપરનો સમય વીતી ગયો છતાં વિદ્યાર્થીઓને અપાઇ નથી તેથી આર્શ્ચય થઈ રહ્યું છે કે ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે મોટાપાયે ચાલતી લોલમલોલ અને પોલમપોલની અનેક ચર્ચાઓ લોકોમાં ઉઠવા પામી છે.

વીરપુરના ૫૯ જેટલી વિદ્યાર્થીનીઓને બે વર્ષથી સાયકલો વિતરણ કરાય નથી આ બાબતે રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દિક્ષિત પટેલનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતુ કે તમે શિક્ષણ વિભાગને પુછો છો તમારે સમાજ કલ્યાણ વિભાગને પૂછવું પડે તેવો જવાબ આપીને પોતાની જવાબદારી થી હાથ ઊંચા કરી દીધા હતા કારણ કે વિદ્યાર્થીનીઓને સાયકલો મળી છે કે નહીં તે જવાબદારી કયાંકને ક્યાંક શિક્ષણ વિભાગના અધિકારીઓની પણ આવતી હોય છે ત્યારે સૌ ભણે અને આગળ વધે ની મોટી મોટી વાતોના બણગાં ફકતી સરકારમાં વિદ્યાર્થીનીઓને બબ્બે વર્ષથી આ સાઇકલો વિતરણ કરવામાં આવી નથી તો કોઈ બહુ મોટું સાયકલ કૌભાંડ થયું હોય તેવી આશંકાઓ જણાઈ રહી છે.

વીરપુરમાં વિદ્યાર્થીનીઓને સાયકલ નથી મળી બાબતે સમાજ કલ્યાણ વિભાગ રાજકોટના અધિકારી જે.એ.બારોટ સાથે ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે હજુ એ સાયકલની ચકાસણી ચાલુ છે ગ્રીનકો તરફથી એ ચકાસણી થઈ જાય અને હોલમાર્ક લાગી જાય પછી હેન્ડઓવર કરસુ પછી વિતરણ ચાલુ કરસુ ત્યારે હવે જોવાનું એ રહ્યું કે સરકાર દ્વારા વિદ્યાર્થીનીઓને અપાતી આ સાયકલો સરકારી ગોડાઉનમાં કે ખુલ્લા મેદાનોમાં ધૂળ ખાય રહી હોવાના અને પ્રજાના ટેક્સના પૈસે ખરીદાયેલી નવી નક્કોર સાયકલો ભંગાર બની જતી હોય છે. આવા કિસ્સાઓ વારંવાર પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે આવી અનેક યોજનાઓ લાભાર્થીઓને સમયે મળતી ના હોવાથી અધિકારીઓના પાપે સરકાર વગોવાય રહી છે.

# વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ અને વિસામણબાપુની જગ્યાના સયુંકત ઉપક્રમે નવ દુર્ગા રાસોત્સવ





**(સામના મિરર, સંવાદદાતા)**

બોટાદ, તા. ૮ઃ શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ - બોટાદ અને વિસામણબાપુની જગ્યા - પાળીયાદના સયુંકત ઉપક્રમે ભારતીય સંસ્કૃતિ અને ઋષિ પરંપરાનો વહન કરતી નવ દુર્ગા રાસોત્સવનું નવરાત્રિ અંતર્ગત ભવ્ય આયોજન મહાદેવ ગાર્ડન રેસ્ટોરન્ટના ભવ્ય પાર્ટી પ્લોટમાં કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં પરમવંદનીય પૂજ્ય શ્રી.શ્રી.૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા અને પાળીયાદ જગ્યાના સ્વપન દ્રષ્ટા એવા પરમ પૂજ્ય ભયલુ બાપુ પ્રેરક નિશ્રામાં સમગ્ર કાર્યક્રમ ૬ અને ૭ ઓકટોબર બે દિવસ માટે આયોજિત કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર ઉત્સવ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે તેમજ સાહિત્ય અને કલાક ક્ષેત્રે જે વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાનું ઉત્તમ પ્રકારનું યોગદાન આપેલું છે. તેવા વિદ્યાર્થી ભાઈ બહેનોને સંસ્થા દ્વારા સંસ્થા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ વાલી અને વિદ્યાર્થીઓમાંથી પણ નવરાત્રી રાસ દરમિયાન જેમની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ હતી તેઓને પણ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ખેલૈયા અને પ્રોત્સાહિત કરવા અને પ્રતિભાઓને પુરસ્કૃત કરવા માટે પૂજ્ય ભયલુબાપુ તેમજ બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક સાહેબ શ્રી. બલોળિયા, સાહેબ સમાજના શ્રેષ્ઠીઓ પ્રેસ મીડિયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના શહેરમાં AC ગ્રુપ આયોજિત ગરબી મંડળ છેલ્લા ૨૫ વર્ષ કરતાં પણ વધુ વર્ષોથી મહિલા સંચાલિત ગરબી મંડળનું ભવ્ય આયોજન




**(સામના મિરર, સંવાદદાતા)**


ઉના, તા. ૮ઃ ઉના પંથકમાં નવરાત્રી ચાલી રહી છે જેમાં શહેરમાં આવેલ અઈ ગ્રુપ આયોજિત ગરબી મંડળ છેલ્લા ૨૫ વર્ષ કરતા પણ વધુ વર્ષોથી આ ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે આ ગરબી મંડળની વિશેષતા એ છે આ ગરબી મંડળ મહિલા સંચાલિત હોવાને કારણે અહીં ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે જેમાં જુનાગઢ જિલ્લા ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા તેમજ મનોજભાઈ બાંભણીયા મહેક ભાઈ બાંભણીયા તેમજ તેમના પરિવારના સહયોગથી મિત્ર મંડળના સહયોગથી ગરબી મંડળ નું ભવ્ય આયોજન થાય છે ત્યારે ગુજરાતી પીચરના હીરો તેમજ હીન્દી પીચર ના હીરો તેમજ કલાકારો આ ગરબી મંડળની મુલાકાત લે છે જેને જોવા મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે બહેનો પણ મોટી સંખ્યામાં રાસ ગરબા રમે છે અંતે ગરબી પૂર્ણ થયા બાદ નાસ્તાની પણ વ્યવસ્થા પણ કરવામાં આવે છે અને બહેનોને પણ ઈનામનું વિતરણ પણ અહીં થાય છે કપલ રાસ ગરબાનું પણ અહીં ભવ્ય આયોજન કરવામાં આવે છે અને નવે નવ દિવસ માતાજીની આરાધના કરી અને આ ઉત્સવ ઉજવવામાં આવે છે.

# આજે મંગળવારે પાંચમાં નોરતે સ્કંદ માતાની પૂજા

- **માહના દુર્ગાના કુલ નવ સ્વરૂપો સ્કંદ માતાને સમર્પિત છે અને નવરાત્રીના પાંચમો દિવસ દેવી**

**(સામના મિરર, સંવાદદાતા)**

સ્કંદ માતાની પૂજા મા દુર્ગાનું પાંચમુ સ્વરૂપ સ્કંદ માતા છે. જેની ઉપાસના નોરતાના પાંચમા નોરતે કરવામાં આવે છે. સ્કંદ એટલે કાર્તિકેય નામથી ઓળખાય છે. જેમાં માતા એટલે સ્કંદ માતા જેના ખોળામાં કુમાર કાર્તિકેય બાળ રૂપમાં બેઠા છે. જે દેવતાઓના સેનાપતી છે. માતાજીને ચાર હાથ છે. હાથમા કમળ વરમુદ્રા છે અને કમળના આસનમા સુશોભિત છે. માતાજીને પદમાસના દેવી પણ કહેવામા આવે છે.



માતાજીનું વાહન સિંહ છે. માતાજીની ઉપાસના સાવધાની પૂર્વક કરવી એક ચિંતે ધ્યાનપૂર્વક કરવી જોઈએ. માતાજીની ઉપાસનાથી મનની મનોકામના પૂર્ણ થાય છે અને મોક્ષ મળે છે. માતાજી સૂર્ય મંડળના અધિષ્ઠાત્રી તેના કારણે સ્કંદ માતાની ઉપાસના કરવાથી શરીરમા તેજ આવે છે. ખાસ કરીને માતાજીની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઈએ આથી ભવસાગર દુઃખોમાંથી મુક્તિ મળે છે.

**માતાજીનો મંત્ર :**

**ઓમ હ્રીં ક્રી સ્વામિન્યે નમઃ**

**નૈવેદ્ય :** માતાજીને કેળાનો પ્રસાદ ધરાવો તથા બ્રાહમણ ભોજન કરાવું. દાન દક્ષિણા આપવી.

–શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંતરત્ન)

# જૈન વિઝન- નવનાતના ગરબા એટલે નંબર વન આયોજન

■ **પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૮: જૈન વિઝન અને વિશ્વ વણીક સામાજિક સંગઠન દ્વારા આયોજિત સોનમ નવનાત રાસોત્સવ અત્યાર સુધીનો શ્રેષ્ઠ રાસોત્સવ બની રહ્યો છે. આ ગરબા નિહાળવા માટે આવી રહેલા શહેરના શ્રેષ્ઠિઓ અને ખેલૈયાઓએ સમગ્ર આયોજનને શ્રેષ્ઠ ગણાવી નંબર વન નું બિરુદ આપ્યું છે અને આયોજકોને અભિનંદન પણ આપ્યા છે.



આ રાસોત્સવમાં શનિ-રવિ એટલે કે ત્રીજા અને ચોથા નોરતે સિંગરોએ પ્રાચીન અને અર્વાચીન એમ બંને ગરબાઓ રજૂ કરી ખેલૈયાઓને જોશભેર થીરકવા માટે મજબૂર કરી દીધા હતા.

આ રાસોત્સવ માણવા માટે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આયોજનને વખાણ્યુ હતું. આ પ્રસંગે તેમને કહ્યું હતું કે ભક્તિ અને શક્તિના આ પર્વની સમગ્ર જૈન સમાજ દ્વારા સુંદર રીતે ઉજવણી થઈ રહી છે અને એક બહોળો વર્ગ આ રાસોત્સવમાં જોડાયો છે જે આનંદની વાત છે. આ પ્રસંગે વિજયભાઈ રૂપાણીનું સમગ્ર આયોજક ટીમ જયેશભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ, સુનિલભાઈ શાહ, અજીતભાઈ જૈન સહિતના સભ્યોએ સ્વાગત અને સન્માન કર્યું હતું.

આ રાસોત્સવમાં ગુજરાત ના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ, શેઠ બિલ્ડરના મુકેશભાઈ શેઠ, આર કે ગુપના સર્વાનંદભાઈ સોનવાણી, કમલભાઈ સોનવાણી, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## એઈમ્સની આ છે સાચી વાસ્તવિકતા



મેનેજમેન્ટ મોટા બણગાં ફૂંકે છે કે એઈમ્સ નું ૮૦ % કામ પૂર્ણ થયેલ છે જે વાસ્તવ માં તેના થી ઊલટું છે માત્ર ૨૦ % પૂર્ણ રૂપે થયેલ છે જે ૮૦% કામ બાકી છે ને અમુક બિલ્ડીંગ નો હજુ સિલાનાસ પણ નહીં થયો હાલ તો પશુ ઓ મેદાન માં ચરી રહ્યા છે ને સામે કામ ચાલુ છે નામ બડે દર્શન ખોટે લોકો એવું વિચારી ને એઈમ્સ જાય છે કે ત્યાં આયુષ્ય માન કાર્ડ ચાલતા હશે ?? તંત્ર ની બેદરકારી તો જુવો અહીં એક પણ કાર્ડ ચાલતા નથી ગરીબ દર્દી ઓ ને રૂપિયા ચૂકવી સારવાર લેવી પડે છે.

## આગામી કુંભ મેળો -૨૦૨૫ અંગે સાધુ સમાજ સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મિટિંગ યોજી



(સામના મિરર, સંવાદદાતા): વિશ્વ પ્રચલિત ને વિસ્વં માં વધુ સમય સુધી ચાલતો કુંભ મેળો જે આગામી વર્ષે ૨૦૨૫ આવનારા હોઈ કુંભ મેળાની વ્યવસ્થાને આયોજન અનુરૂપ પ્રયાગરાજ કાશી ખાતે યોજાશે તેના અનુસંધાને અખીલ ભારતીય સાધુ સમાજના પ્રમુખશ્રી ને ગુજરાતના ગૌરવ સમા સંત શ્રી મુક્તાનંદ બાપુ ચાપરડા તથા અખાડા પરિષદના વરીષ્ઠ સંતો એ ઉતરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી તથા યુ પી સરકાર ના ઉચ્ચ અધિકારીઓ સાથે અગત્ય ચર્ચા વિચારણા કરી હતી. મેળા સિક્યુરિટી વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવેલ આ તકે ગુજરાતમાંથી મુકતાનંદ બાપુ ચાપરડા ખાસ ઉપસ્થિત રહેલ.

## વલસાડ આરટીઓ કચેરીનો ફોર વ્હીલર ટેસ્ટ ટ્રેક તા. ૧૦ સુધી બંધ




(સામના મિરર, સંવાદદાતા)

વલસાડ : વલસાડ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરીના ફોર વ્હીલર ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકના અંગ્રેજી-૮ નું RFID સેન્સર સિસ્ટમમાં ખામી હોવાથી તા. ૭ થી તા. ૧૦ ઓકટોબર ૨૦૨૪ના રોજ બંધ રાખવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન એપોઈમેન્ટ ધરાવતા અરજદારોની એપોઈમેન્ટ વલસાડ આરટીઓ કચેરી ખાતેથી રીશીડ્યુલ કરી આપવામાં આવશે જેની નોંધ લેવા વલસાડ જિલ્લા ઈન્ચાર્જ આરટીઓ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.08/10/2024 TUESDAY


# વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને વિકાસ સપ્તાહની ઉજવણીના સુચારૂં આયોજન માટે બેઠક મળી

## મુખ્યમંત્રીથી પ્રધાનમંત્રી સુધીની શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૩ વર્ષની સર્વગ્રાહી યાત્રાની ગાથા લોકો સુધી પહોંચાડાશે

- **વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિકાસ પ્રદર્શન, સફળતાની ગાથા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું**
- **જિલ્લાના નાગરિકો પણ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ શકશે અને સર્ટિફિકેટ પણ ઓનલાઈન મેળવી શકશે**



(સામના મિરર, સંવાદદાતા)

વલસાડ, તા. ૮: પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધા હતા. ત્યારે ૨૦૦૧ થી ૨૦૨૪ સુધીની તેમની ૨૩ વર્ષની સર્વગ્રાહી યાત્રાની ગાથા લોકો સુધી પહોંચે અને વિકાસલક્ષી પધ્ધતિથી લોકો જાગૃત થાય તે માટે તા.૭ થી ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમોના સુચારૂં આયોજન માટે વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક મળી હતી. બેઠક દરમિયાન આ સપ્તાહની ઉજવણી દરમિયાન થીમ આધારિત દિવસો, વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિકાસ પ્રદર્શન, સોશિયલ મિડિયા-ડિજિટલ મીડિયા ઝૂંબેશ, સફળતાની ગાથા, યુવા વર્ગની સહભાગીતા, કલાસ્થાપત્ય, વિકાસ રથ, મહત્વના સ્થળોનું સુશોભન, ભીંત ચિત્રો માટે સ્પર્ધા, શાળા-કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓ- પ્રવચનો વગેરે બાબતો અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં જનહિતના લોકાર્પણ અને ખાતમુહૂર્તના વિકાસ કાર્યો અંગે પણ જિલ્લા કલેક્ટરશ્રીએ સમીક્ષા કરી હતી. પાલિકા અને ગ્રામ વિસ્તારોમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જાહેર સ્થળો પર મુકવામાં આવેલા મહાનુભાવોના સ્મારકોની સફાઈ અંગે પણ કલેક્ટરશ્રીએ સૂચન કર્યું હતું.

સપ્તાહમાં યોજાનારી વિવિધ પ્રવૃત્તિઓમાં વહીવટી તંત્ર સાથે નાગરિકો પણ સહભાગી બને અને ઉજવણીને સાર્થક બનાવે તે માટેના પ્રયાસો કરવા ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓને કલેક્ટરશ્રીએ જરૂરી સૂચનો કર્યા હતા. કચેરીના કર્મયોગીઓ પણ આ વિકાસ સપ્તાહમાં સક્રિયરીતે સહભાગી બને તેવી ખાસ અપીલ કલેક્ટરશ્રીએ કરી હતી.


વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી https://pledge.mygov.in/bharat-vikas/ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ જિલ્લાના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધા અંગેનું સર્ટિફિકેટ પણ પોતાનાન નામ વાળું મેળવી શકશે.

આ બેઠકમાં વિકાસ સપ્તાહ અન્વયે તબક્કાવાર વિવિધ કાર્યક્રમોના આયોજન અને અમલવારી અંગે કલેક્ટરશ્રીએ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે વિકાસ સપ્તાહની ઉજવણી અંગેની રૂપરેખા આપી હતી. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરણરાજ વાઘેલા, નિવાસી અધિક કલેક્ટરશ્રી અનસૂયા જહા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.કલસરીયા સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રેલ્વે કર્મચારીઓએ રાજકોટ ડિવિઝનમાં રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મની સફાઈ કરીને ચમકાવ્યા

- **મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતી જગ્યાઓ જેમ કે કોન્કોર્સ હોલ, શૌચાલય, વેઈટિંગ હોલ, વેઈટિંગ રૂમ વગેરેની પણ સંપૂર્ણ સફાઇ કરવામાં આવી**





રાજકોટ, તા. ૭: રાજકોટ ડિવિઝન દ્વારા ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન સ્વચ્છતા પખવાડા મનાવવામાં આવી રહ્યું છે. આ પખવાડિયા દરમિયાન, રેલ્વે પરિસરને સુંદર બનાવવા માટે વિવિધ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે. પખવાડિયાના સાતમા દિવસે, આજે 'સ્વચ્છ ટ્રેક'ની થીમ પર, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા, ખંભાળિયા, વાંકાનેર સહિતના ડિવિઝનના મુખ્ય સ્ટેશનો પર રેલ્વે કર્મચારીઓએ શ્રમદાન કરીને રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મ ને ચમકાવ્યો હતો. ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો પર રેલવે કર્મચારીઓ દ્વારા પ્લેટફોર્મ, રેલવે ટ્રેક અને સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રેલ્વે ટ્રેકની આસપાસ ઉગેલું ઘાસ દૂર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડ્રેનેજ ચોક ન થાય તે માટે પાટા વચ્ચેની ગટરોની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતી જગ્યાઓ જેમ કે કોન્કોર્સ હોલ, શૌચાલય, વેઈટિંગ હોલ, વેઈટિંગ રૂમ વગેરેની પણ સંપૂર્ણ સફાઇ કરવામાં આવી હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડમાં નવા કપાસ- મગફળીની બમ્પર આવક

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ.તા.૮



રાજકોટના માર્કેટ યાર્ડમાં આજે મગફળી અને કપાસની મોટી આવક થઇ હતી. રવિવારની રજાને લીધે આજે આવક બેવડાઇ હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. બન્ને જણસી ભરીને યાર્ડની બાજુમાં હાઇવે પર વાહનોની લાંબી કતાર જાગી હતી. છતાં ખેડૂતોની કોઇપણ ફરીયાદ વગર તમામ વાહનોને યાર્ડમાં પ્રવેશ આપીને મગફળી-કપાસની ઉતરાઇ વ્યવસ્થામાં યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, ડિરેક્ટરો સહીતનો સ્ટાફ જોડાયો હતો.

બેડી માર્કેટ યાર્ડમાં આજે વહેલી સવારથી મગફળી અને કપાસ લઇને આવેલા વાહનોની લાઇન લાગી ગઇ હતી. યાર્ડના ચેરમેન જયેશ બોઘરાના જણાવ્યાનુસાર આજે યાર્ડમાં મગફળીની ૨૦ હજાર ગુણીની આવક થઇ હતી. યાર્ડમાં જાડી મગફળીનો ભાવ મણે રૂા.૯૦૦ થી રૂા.૧૧૩૫ અને જીણીનો ભાવ રૂા.૧૦૮૦ થી રૂા.૧૪૨૯ ભાવ બોલાયો હતો.

જ્યારે કપાસની આવક ૧૦ હજાર ભારીની હતી. હરાજી દરમિયાન કપાસનો ભાવ મણે રૂા.૧૩૦૦ થી ૧૬૬૦ બોલાયો હતો. બન્ને જણસીના વાહનોને ક્રમશઃ યાર્ડમાં પ્રવેશ અપાવવા યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, ડિરેક્ટરો અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

અન્ય જણસીની આવકોમાં ૭૦૦ કિવન્ટલ લસણની આવક વચ્ચે ભાવ મણે રૂા.૩૫૦૦-૫૨૫૦ બોલાયો હતો. ૩૫૦ કિવન્ટલ ધાણાની આવક થતાં ભાવ રૂા.૧૧૬૧-૧૪૯૫ બોલાયા હતા. જ્યારે ૨૦ કિવન્ટલ સુકા મરચાની આવક થતાં હરાજીમાં મણે રૂા.૨૫૦૦-૩૨૦૦ બોલાયા હતા.

મગફળી-કપાસની મોટી આવક બાબતે વેપારીઓએ જણાવ્યું હતું કે, રવિવારની રજાને લીધે બે દિવસનો માલ ભેગો થયો હોવાથી આવક વધુ દેખાય છે. એ સિવાય વરસાદી આગાહીને લીધે અત્યાર સુધી યાર્ડમાં મગફળી કપાસની આવકને બ્રેક લાગી હતી પણ હવે વાતાવરણ ચોખ્ખું થતાં ખેડૂતો આ બન્ને જણસી યાર્ડમાં લાવવા માંડયા હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ યાર્ડ કમિશન એજન્ટ એસોસીએશનનાં પ્રમુખ અતુલ કમાણીએ 'ગુજરાત મિરર' સાથેની વાતમાં જણાવ્યું હતું કે, પીલાણ મગફળીનો ભાવ રૂા.૧૧૫૦-૧૨૫૦ બોલાય છે. આજે મગફળીનાં બોલાયેલા રૂા.૧૪૨૧એ દાણાખર મગફળીનો ભાવ હોવાનું જણાવ્યું હતું.

# AIIMSનામાં 22000 દર્દીઓનુ નિદાનઃ ફેમોરલ હેડના જાયન્ટ સેલ ટ્યુમરની- હાડકાના કેન્સરની સારવાર શરૂ કરાઈ

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ.તા.૮



રાજકોટ AIIMSમાં માત્ર ઘડઉ જ નહી પરંતુ, ૨૫૦ બેડની ઈન્ડોર સુવિધા સાથે ટર્શરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે અઇઇંખજ ખાતે ઈજાગ્રસ્ત લોકો માટે ૨૪ કલાક ઈમર્જન્સી વિભાગ કાર્યરત છે. અહીં ટ્રોમા ઈમર્જન્સી કેસ અને ખાસ કરીને હાડકાને લગતા કેસમાં સારવાર આપવામા આવે છે. ઓર્થોપેડિક સર્જરી વિભાગમાં દૈનિક ૨૫૦ સહિત અત્યારસુધીમાં ૨૨,૦૦૦ દર્દીઓનું નિદાન થઈ ચૂક્યું છે..ફેમોરલ હેડના જાયન્ટ સેલ ટ્યુમરની સર્જરી સાથે હાડકાના કેન્સરની સારવાર તાજેતરમાં જ શરૂ કરવામાં આવી છે.

AIIMSના ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચે ઈન્ડોર વિભાગમાં ઓર્થોપેડિક્સ, આંખ કાન નાક ગળા, ગાયનેક સહિતના વિવિધ વિભાગ કાર્યરત હોવાનું જણાવ્યું છે. જેમાં ખાસ કરીને હાડકાના વિભાગ અંગે તેઓએ જણાવ્યું છે કે, ઓર્થોપેડિક સર્જરી વિભાગ રાજકોટ ખાતે ડિસેમ્બર ૨૦૨૧થી કાર્યરત થયો છે. અહીં હાડકા અને સાંધા સંબંધિત તકલીફો અર્થે સેવાઓ આપવામાં આવી રહી છે. જેનો રોજના ૨૫૦થી વધુ દર્દીઓ લાભ લઈ રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૨,૧૯૩ જેટલા દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું છે .જયારે ઈન્ડોર વિભાગનો પ્રારંભ સાથે એઈમ્સ ખાતે સ્પોર્ટ્સ ઈન્જરી, ઓર્થોપેડિક ટ્રોમા, પેડિયાટ્રિક ઓર્થોપેડિક્સ, આર્થ્રોપ્લાસ્ટી અને ઓર્થોઓન્કોલોજીના ક્ષેત્રમાં હાલ સુવિધાઓ વિકસાવી રહ્યા હોવાનું ડિરેક્ટરે જણાવ્યું છે.

ઓર્થોપેડિક્સ વિભાગે ઓન્કોલોજી સંબંધિત સારવારની સફળ શરૂઆત સાથે વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં, અસ્થિ/સોફ્ટ ટિશ્યુ ટ્યુમરના અસંખ્ય કેસોની સારવાર અને ફોલોઅપ કરવામાં આવ્યું છે. તાજેતરમાં ફેમોરલ હેડના જાયન્ટ સેલ ટ્યુમરના એક દુર્લભ કેસમાં આઉટ ઓફ ધ બોક્સ અભિગમનો ઉપયોગ કરીને ઓપરેશન કરવામાં આવ્યું હોવાનું છે. આ સાથે દર્દીઓને અત્યાધુનિક કેન્સર કેર ઓફર કરવાની દિશામાં વધુ એક પગલું આગળ ભર્યું હોવાનું ડિરેક્ટરે ઉમેર્યુ છે. અત્યાર સુધીમાં ગોઠણ અને થાપાના રિપ્લેસમેન્ટના ૨૭૦ જેટલા ઓપરેશન કરવામાં આવ્યા છે .તબીબી સારવાર સાથોસાથ એઈમ્સ મેડિકલ કોલેજના અંડર ગ્રેજ્યુએટ તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ફેલોશીપ અર્થે ખાસ ઓર્થોપેડિક્સ શિક્ષણ પ્રોગ્રામ ચાલી રહ્યા છે. આગામી સમયમાં ઓર્થોપેડિક્સ વિભાગ ક્રિટિકલ સેવાઓના વિસ્તરણ સાથે ઉત્કૃષ્ટ સારવાર પૂરી પાડવા માટે ગતિશીલ હોવાનું ડો. કટોચે જણાવ્યું છે.

## મોરબી રોડ પર હદપાર શખ્સ ચોરાઉ બાઇક સાથે ઝડપાયો

રાજકોટઃ મોરબી રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા અને હદપાર કરાયેલા શખસને બી ડિવિઝન પોલીસે ચોરાઉ બાઇક સાથે ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસ.એસ.રાણેની રાહબરી હેઠળ પીએસઆઇ જે.આર. સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.દરમિયાન કોન્સ્ટેબલ રાજદીપ પટગીર અને પંકજ માળીને મળેલી બાતમીના આધારે રાજકોટ શહેરમાંથી હદપાર કરાયેલા કૃષાલ અનિલભાઈ વિસપરા(ઉ.વ ૩૪ રહે. મોરબી રોડ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે લક્ષ્મણ પાર્ક ૨)ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસે રહેલ બાઇક અંગે પૂછતાછ કરતા તે સંતોષકારક ઉત્તર આપી શક્યો ન હતો. જેથી પોલીસે તેની પાસે રહેલા બાઇકની ખરાઇ કરતા આ બાઇક ચોરીનું હોવાનું અને જે અંગે વાપી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાનું માલુમ પડ્યું હતું.

# ગુજરાતમાં વધુ એક આંદોલન! રાજ્યમાં પગાર વધારાની માગને લઈને ૧૦ હજાર TRB જવાનોની હડતાળ



(સામના મિરર, સંવાદદાતા)

રાજ્યમાં ટ્રાફિકમાં ફરજ પર રહેલા TRB જવાનો ફિક્સ પગારમાં વધારાને લઈને છેલ્લા કેટલાક સમયથી માગ કરી રહ્યાં છે, ત્યારે તેમની માગ સામે સંતોષકારક જવાબ ન મળતા આખરે TRBના જવાનો પગાર વધારા સહિતની માગને લઈને આજથી હડતાળ પર ઉતર્યા છે.મળતી માહિતી પ્રમાણે, હાલમાં TRBમાં ફરજ બજાવતા જવાનોને રોજના ૩૦૦ રૂપિયા લેખે પગાર મળે છે, ત્યારે જવાનો તેની સામે ૫૦૦ રૂપિયા પગાર ચૂકવવામાં આવે તેવી માગ કરી રહ્યા છે. જ્યારે હવે અમદાવાદના ૧૬૦૦થી વધુ TRB જવાનો સહિત રાજ્યભરના આશરે ૧૦ હજાર જેટલા જવાનો ટ્રાફિક પોઈન્ટ પર ઊભા રહેશે નહીં અને નક્કિ કરેલી જગ્યાએ હડતાળ કરશે. આ ઉપરાંત, TRB જવાનો દ્વારા અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપીને પોતાના માંગણીઓને લઈને રજૂઆત કરશે.

સરકારે ચૂંટણી સમયે પગાર વધારાનો વાયદો કર્યો બાદ TRB જવાનોને તેનો લાભ મળ્યો નથી, ફક્ત વાયદાઓ જ કરવામાં આવે છે. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગારવધારો ન કરાતા આખરે TRB જવાનોએ ઉગ્ર આંદોલન ચિમકી ઉચ્ચારી છે.

TRB જવાનોએ જણાવ્યું હતું કે, અગાઉ આ પ્રકારની માંગણી કરતા તેમને છૂટા કરી દેવાની ચિમકી આપી હતી. એટલે TRB જવાનોમાં છૂટા કરી દેવાનો ડર સતાવી રહ્યો છે.

# રૈયા રોડની શાંતિ નિકેતન સોસાયટીની વિવાદાસ્પદ દિવાલનું અંતે ડિમોલીશન : સૂર્યોદયમાં બંગલો સીલ

## વોર્ડ નં.૧માં સોસાયટીના હલણ બંધ કરી દેવાતા રજૂઆતો થઈ હતી : કાલાવડ રોડની સોસાયટીમાં મકાનને સીલ મરાયા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૭

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખા ગેરકાયદે બાંધકામો સામે હવે ધીમે ધીમે કડક કાર્યવાહી ત્રણે ઝોનમાં આગળ વધારવામાં આવી રહી છે. આજે વેસ્ટ ઝોનમાં નાના છતાં ખુબ ચર્ચામાં આવેલા મીની ડીમોલીશન કરવામાં આવ્યા હતા. જેમાં લતાવાસીઓ અને કોર્પોરેટરોની રજુઆત બાદ હલણ વચ્ચેની દિવાલ પણ તોડી પાડવામાં આવી છે. તો વોર્ડ નં.૮માં ગેરકાયદે બાંધકામ સીલ કરાયું હતું.

વેસ્ટ ઝોન ટીપી શાખાએ આજે કરેલી આ કામગીરીની વિગત મુજબ વોર્ડ નં.૧માં રૈયા રોડ પર આવેલી આલાપ એવન્યુ સોસાયટી પાછળ શાંતિ નિકેતન સોસાયટીથી અમૃત પાર્કને જોડતો રસ્તો જાય છે. આ સોસાયટી વચ્ચે વિસ્તારમાં રહેતા ચાર-પાંચ લોકોએ પાકી દિવાલ બનાવી દીધી હતી.



અહીંથી પાંચેક સોસાયટીનો અવરજવરનો રસ્તો હતો જે દોઢ માસથી બંધ કરી દેવાતા ભારે તકલીફ પડતી હતી. થોડા દિવસો પહેલા આ અંગે વોર્ડના કોર્પોરેટર હિરેન ખીમાણીયા સાથે લતાવાસીઓએ પદાધિકારીઓ અને અધિકારીઓને રજુઆત કરી હતી.

કમિશ્નર સુધી આ વાત પહોંચતા તેમણે ચકાસણી કરાવી હતી અને તપાસમાં અવરજવરનો રસ્તો બંધ થઇ ગયાનું દેખાયુ હતું જેથી આજે આ દિવાલ તોડીને રસ્તો ખુલ્લો કરાવતા લતાવાસીઓને રાહત થઈ છે.

આ સિવાય વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર આવેલી સુર્યોદય સોસાયટી શેરી નં.૨માં પણ ટીપી શાખાએ કાર્યવાહી કરી હતી. આ સોસાયટી ભુપતસિંહ વાઘેલા નામના આસામીએ બંગલામાં ગેરકાયદે બાંધકામ ખડકી દીધુ હતું.

જે અંગે નોટીસ અપવા છતાં આ વધારાનું મોટુ બાંધકામ નહીં તોડતા આ મિલ્કત સીલ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી એટીપી એમ.આર.શ્રીવાસ્તવ, એસ.જે.સીતાપરા, ટેકનીકલ અને એસ્ટેટ વિભાગ દ્વારા વિજીલન્સ બંદોબસ્ત સાથે કરવામાં આવી હતી.

# રેશનીંગના દુકાનદારોની હડતાલ સાતમાં દિ'માં પ્રવેશીઃ જામકંડોરણા-જેતપુર વિસ્તારમાં તડા!

## મામલતદારોના સમજાવટના પ્રયાસોથી કેટલાક વેપારીઓ દ્વારા પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૭



રાજકોટ સહિત રાજ્યભરના રેશનીંગના દુકાનદારોની હડતાલ આજે સાતમાં દિવસમાં પ્રવેશી છે. દરમિયાન પુરવઠા અધિકારી અને મામલતદારો દ્વારા વેપારીઓની સમજાવટના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના પગલે તડા પડતા જેતપુર- જામકંડોરણા પંથકમાં કેટલાક વેપારીઓએ રેશનીંગના પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ કરી દીધાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજ્યભરના રેશનીંગના દુકાનદારો દ્વારા રેશનીંગના પુરવઠાનું મીનીમમ ૯૭ ટકા વિતરણ કરવાની જે શરત મૂકી છે તે રદ કરવા તેમજ મીનીમમ કમિશનના મામલે આ આંદોલનના મંડાણ કર્યા છે.

નવરાત્રીના તહેવારો પર જ ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસો. અને ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસો.ની. આગેવાની હેઠળ રેશનીંગના દુકાનદારો સરકારનું નાક દબાવવા હડતાલ પર ઉતરી જતા રાજકોટ સહિત રાજ્યભરની રેશનીંગની દુકાનો પર નવરાત્રીના તહેવારો પર જ પુરવઠાનું વિતરણ ઠપ્પ થઈ જતા દેકારો બોલી જવા પામેલ છે.

જ્યારે બીજી તરફ પુરવઠા વિભાગ દ્વારા રેશનીંગ કાર્ડ હોલ્ડરો માટે ચાલુ ઓક્ટોબર માસનો અનાજનો પુરવઠો ઠાલવી દેવાતા ગોડાઉનો જણસીઓના બારદાનથી હાઉસફૂલ બની ગયા છે.

જોકે રાજકોટ જિલ્લામાં મામલતદારોના પ્રયાસોથી હવે જેતપુર-જામકંડોરણા વિસ્તારમાં કેટલાક વેપારીઓ દ્વારા રેશનીંગના પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ કરી દીધાનું જાણવા મળ્યું છે.

# ધારાસભ્ય દુર્લભજી દેથરીયાના અધ્યક્ષસ્થાને પડધરીમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વનું સેવાસેતુ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે વાસ્તવમાં પ્રજાલક્ષી અભિયાન સાબિત થયું છે. જેમાં લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભો મળે છે.

રાજકોટના પડધરી ખાતે ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સેવા સેતુ કાર્યક્રમમાં ૫૦થી વધુ પ્રકારની વિવિધ સરકારની સેવાઓ મળી રહે છે. અને પ્રજાના પ્રશ્નોનું ત્વરિત નિવારણ થાય છે. આ કાર્યક્રમ અન્વયે આશરે ૬૦૦ લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગામની મહિલાઓએ લાભ લીધો હતો.

આ પ્રસંગની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સર્વેને સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આંગણવાડીની બહેનો દ્વારા પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી હતી. જેનું ઉપસ્થિત સર્વેએ નિદર્શન કર્યું હતું. અને કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે ગામના આગેવાનશ્રીઓ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આર. કે. પ્રાઈમ-૨ માં મનપાની ટીમ ત્રાટકી : પ્લાનથી વિરુદ્ધ કરેલ બાંધકામનું નિરીક્ષણ કર્યું

## ખોટી વિગતોવાળા દસ્તાવેજોને આધારે મિલ્કત વેંચાણ કરી, પાર્કિંગ વેચી ગેરકાયદે રકમ ઉઘરાવી હોવાનો આરોપ છે

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૭

શહેરના ૧૫૦ ફુટ રિંગ રોડ પર બાલાજી હોલ પાસે, મિરેકલ ડોક્ટર હાઉસની બાજુમાં આવેલ આર. કે. પ્રાઇમ-૨ બિલ્ડીંગમાં મનપાની ટીમ ત્રાટકી હતી અને પ્લાનથી વિરુદ્ધ કરેલ બાંધકામનું નિરીક્ષણ કર્યુ હતું. આર.કે. ગ્રુપના બિલ્ડર્સ સામે રેરામાં ફરિયાદ થઇ છે. જેમાં ખોટી વિગતો વાળા દસ્તાવેજોને આધારે મિલ્કત વેંચાણ કરી હોવાનો, અને પાર્કિંગ વેચી ગેરકાયદે રકમ ઉઘરાવી હોવાનો આરોપ છે. જ્યાં દિવ્યાંગો માટેનું ટોયલેટ બતાવ્યું તે ઝુડીઓ શો રૂમમાં સમાવી દીધું છે. ટેરેસ પર બાઇક પાર્કિંગ બતાવ્યું અને વ્હીક્યુલર લિફ્ટ પણ બતાવી પણ સ્થળ પર બે માંથી એક પણ સુવિધા નથી.




ફરિયાદી પક્ષને સાથે રાખી મનપાના ઇજનેરોએ વ્હીક્યુલર લિફ્ટ, દિવ્યાંગ ટોયલેટ, પાર્કિંગ સ્પેસમાં ટોયલેટ વગેરેનું દબાણ, ટેરેસ પર બાઇક પાર્કિંગની બદલે પાઇપ લાઇનો બિછાવી અને ડક દબાવી દીધાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આર.કે.પ્રાઇમ-૨ તરીકે ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલ બહુમાળી વાણીજ્ય હેતુ માટેના બિલ્ડીંગનું નિર્માણ અને વેંચાણ કરનાર આર.કે.ઇન્ફ્રાસ્પેસ એલ.એલ.પી. ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો ગૌરવ શોભરાજ સોનવાણી, લવ શોપર્સ લી. કંપનીના ડાયરેકટર સર્વાનંદ સાપુરામ સોનવાણી, કમલકુમાર સાધુરામ સોનવાણી વિગેરે સામે ઓફિસ ધારકો ચંદ્રેશભાઇ ધીરૂભાઇ કપુપરા, નયનાબેન સુરેશભાઇ બલદાણીયા તથા હર્ષાબેન વિજયભાઇ માથુકીયાએ રાજકોટ કોર્ટમાં ફોજદારી ઈન્કવાયરીની ફરીયાદ કરેલ છે. તે કેસ હાલ પેન્ડિંગ છે. તેમાં કોર્ટે પોલીસ તપાસનો આદેશ આપ્યો છે. આ તરફ રેરામાં પણ મામલો પહોંચ્યો છે. રેરામાં આર. કે. પ્રાઇમ-૨ પ્રોજેક્ટ અંગે ફરિયાદ દાખલ થઇ છે. ફરિયાદીઓના આક્ષેપ મુજબ, બાંધકામ પરવાનગીમાં અગાસીમાં વાહનો પાર્ક કરવા માટે વ્હીકક્યુલર લિફ્ટનું આયોજન દર્શાવેલ છે. અને તેવી બાંધકામ પરવાનગીના આધારે મિલ્કતનું વેંચાણ કરેલ. ત્યારબાદ બાંધકામ પરવાનગી મુજબનું ટેરેસ સુધી પહોંચતી વ્હીકયુલર લિફ્ટ આપવામાં આવેલ નથી. છતાં કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે સાંઠગાંઠ અને ગુનાહીત મિલાપીપણું કરી કંમ્પલીશન સર્ટીફીકેટ આપ્યું છે. આ કેસમાં ફરિયાદી ચંદ્રેશભાઇ ધીરૂભાઇ કપુપરા, નયનાબેન સુરેશભાઇ બલદાણીયા તથા હર્ષાબેન વિજયભાઇ માથુકીયા વતી એડવોકેટ વિકાસ કે. શેઠ, પ્રકાશ બેડવા, અલ્પા શેઠ, ફાતેમાં ભારમલ વકીલ તરીકે રોકાયેલ છે. મનપાની ટીમે સ્થળ વિઝિટ કરી છે હવે મનપના ઇજનેરો રેરામાં રિપોર્ટ કરશે. આર. કે. પ્રાઇમ-૨ ના ઓફિસ ધારકોએ રેરામાં પોતાની બિલ્ડીંગના બિલ્ડર વિરુદ્ધ ફરિયાદ કરી છે. રેરાએ સ્થળ તપાસના આદેશ આપતા આજે રાજકોટ મહાનગરપાલિકાની એન્જિનિયરોની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને તમામ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

# વડોદરામાં સગીરા પર ગેંગરેપ કરનાર ૩ વિધર્મી સહિત ૫ આરોપી પકડાયા

## ભાયલી ગામની સીમમાં પોલીસના નામે રૂઆબ છાંટી બોયફ્રેન્ડને બાનમાં લઈને નરાધમોએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ ગુજારેલું: ૪૨ કલાકમાં વડોદરા અને અમદાવાદની પોલીસે ગુનાનો ભેદ ઉકેલ્યો: ત્રણ વિધર્મી આરોપીઓ યુપીના હોવાનું જાહેર

**(સામના મિરર, સંવાદદાતા)**

વડોદરા, તા.૮

વડોદરાના ભાયલી ગામની સીમમાં પોલીસના નામે રૂઆબ છાંટી સગીરા છાત્રાના બોયફ્રેન્ડને બાનમાં લઇ સગીર છાત્રા પર સામુહિક દુષ્કર્મ આચરનાર પાંચ નરાધમોને પોલીસે પકડી પાડ્યા છે. જેમાં ત્રણ વિધર્મી ઉત્તર પ્રદેશના છે. ગેંગરેપના આરોપીઓને પોલીસે ૪૮ કલાકમાં ઝડપી પાડ્યા છે.

નવરાત્રિના બીજા નોરતે સગીરા પર ગેંગરેપ કરનાર સંસ્કારી નગરીના રાક્ષસોને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. ૫ આરોપી પૈકી ૩ ઉત્તરપ્રદેશના વિધર્મી હોવાનું સામે આવ્યું છે. આરોપીઓને હાલ મેડિકલ ચેકઅપ માટે સયાજી હોસ્પિટલ લઈ જવાયા છે. એક આરોપીને સ્ટ્રેચર પર લઈ જવાયો છે. કુલ ત્રણ આરોપીને મેડિકલ માટે સયાજી હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. તો બીજી તરફ વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિંમ્હા કોમાર આ સાથે રેન્જ આઈજી અને જિલ્લા પોલીસવડા વડોદરા ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે પહોંચ્યા છે, જ્યાં તેઓ થોડીવારમાં પત્રકાર પરિષદ યોજશે હતા.

દુષ્કર્મ આચરનાર ત્રણ આરોપી વિધર્મી આરોપીઓ લઘુમતી વસતિ ધરાવતા તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. ત્રણ નરાધમ સહિત તમામ પાંચ આરોપીને ઝડપી લેવાયા છે. ઝડપાયેલા આરોપીઓમાંથી દુષ્કર્મ આચરનારા ત્રણ આરોપી વિધર્મી હોવાનું સામે આવ્યું છે અને આ વિધર્મીઓ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. તેઓ ઘણા સમયથી તાંદલજા વિસ્તારમાં રહે છે. લઘુમતી વસતિ ધરાવતો તાંદલજા વિસ્તાર ભાયલીથી અંદાજે ત્રણથી સાડા કિલોમીટરના અંતરે છે.

જિલ્લા પોલીસવડા રોહન આનંદે જણાવ્યું હતું કે, હાલ પોલીસતંત્ર દ્વારા આરોપીઓને વેરિફાઈ કરવામાં આવી રહ્યા છે. વેરિફાઈ થઇ ગયા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરોપીઓ ડ્ક્ટ કરવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું છે.વડોદરા તાલુકા પોલીસ મથકથી અઢી કિલોમીટર દૂર ભાયલી-બીલ રોડ વિસ્તારમાં નવરાત્રિના બીજા નોરતે એટલે કે ૪ ઓક્ટોબરની રાત્રે ૧૧.૩૦ વાગ્યાના સુમારે સૂમસામ અંધકારમય રોડ ઉપર ધોરણ ૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીરા અને તેનો ૧૬ વર્ષનો મિત્ર બેસવા માટે ગયાં હતાં અને રાત્રે ૧૨થી ૧ વાગ્યાના સુમારે શરમજનક ગેંગરેપની ઘટના બની હતી. સગીરા અને તેનો મિત્ર પશ્ચિમ વિસ્તારનાં રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની ફરિયાદ તાલુકા પોલીસ મથકમાં નોંધાઇ હતી.ભાયલી-બીલ રોડ ઉપર જ્યાં દુષ્કર્મની ઘટના બની હતી ત્યાં નજીકમાં રોડના ડિવાઇડર ઉપર અગાઉથી ૫ યુવાન દારૂની મહેફિલ માણતા હતા. આ ૫ યુવાને ડિવાઇડર ઉપર બેસી વાતો કરી રહેલાં સગીરા અને તેના મિત્રને જોયાં હતાં. ૫ યુવાન પૈકી ૨ યુવાનો બાઇક લઇ જતા રહ્યા હતા.

જ્યારે નશામાં ચૂર ત્રણ યુવાન સગીરા અને તેના મિત્ર પાસે પહોંચી ગયા હતા અને અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન એક યુવાને સગીરાના મિત્રને પકડી રાખ્યો હતો અને બાકીના બે યુવાનો સગીરાને નજીકમાં ખેંચી જઇ દુષ્કર્મ આચર્યું હતું. પછી આ લોકો ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં પીડિતાએ પોતાની જાતને સંભાળીને મિત્ર સાથે જાણ કરતાં પોલીસે પહોંચી ઘટનાસ્થળને કોર્ડન કરી લીધું હતું.

# જાહેર સ્થળો પરથી ૬૦૦ થી વધુ ''અનધિકૃત ધાર્મિક બાંધકામો'' દૂર કરવામાં આવ્યા : સરકારની હાઈકોર્ટમાં રજૂઆત

(સામના મિરર, સંવાદદાતા)
અમદાવાદ.તા.૮

ગુજરાત સરકારે ગયા અઠવાડિયે હાઈકોર્ટને જાણ કરી હતી કે, ચાલુ વર્ષે જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે પાર્ક અને શેરીઓ જેવા જાહેર સ્થળો પરથી ૬૦૦થી વધુ ''અનધિકૃત ધાર્મિક બાંધકામો'' દૂર કરવામાં આવ્યા છે ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે તેના ૧ ઑક્ટોબરના આદેશમાં સરકારને જાહેર સ્થળો, જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય જગ્યાઓમાંથી ''અનધિકૃત ધાર્મિક માળખાં''ની ઓળખ અને દૂર કરવા અંગેનો ''પ્રગતિ અહેવાલ'' રેકોર્ડ પર મૂકવા જણાવ્યું હતું. હાઈકોર્ટ દ્વારા રાજ્યમાં અનધિકૃત બાંધકામો અને અતિક્રમણને લગતી ૨૦૦૬ની અરજીની સુનાવણી ચાલી રહી છે.

હાઈકોર્ટે તેના આદેશમાં ૨૦૦૬ની સ્પેશિયલ લીવ પિટિશન (જકક)માં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોના પાલનમાં થયેલી પ્રગતિ દર્શાવવા માટે કોર્ટના ૨૨ જુલાઈના આદેશને ધ્યાનમાં રાખીને ગૃહ વિભાગના સચિવની એફિડેવિટમાં કરેલી રજૂઆતોની નોંધ લીધી હતી.



## આદેશના પાલનમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવનું વ્યક્તિગત સોગંદનામું આગામી નિયત તારીખે દાખલ કરવામાં આવશે

અદાલતના તાજેતરના આદેશમાં નોંધવામાં આવ્યું છે કે, ''એવું જણાવવામાં આવ્યું છે કે, અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ માટેના પગલાં શરૂ થઈ ગયા છે અને વાસ્તવિક જમીની વાસ્તવિકતા, આવા બાંધકામોને કારણે થતા જાહેર અવરોધની તીવ્રતાના આધારે પ્રાથમિકતામાં આવા બાંધકામોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

૦૧.૦૭.૨૦૨૪ થી ૧૦.૦૯.૨૦૨૪ ના સમયગાળા દરમિયાન આવા અનધિકૃત ધાર્મિક માળખા દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તાર, લગભગ બે મહિનામાં, તમામ ૬૦૪ ધાર્મિક બાંધકામો દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૧૮ જિલ્લા વિસ્તારોમાં અને ૨૮૬ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હતા'' .

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, ૮૭ ધાર્મિક સંરચનાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને જાહેર શેરીઓ, સાર્વજનિક ઉદ્યાનો અને અન્ય સાર્વજનિક સ્થળો પરથી ૬ માળખાને નિયમિત કરવામાં આવી છે.

ત્યારબાદ કોર્ટે કહ્યું, ''ઉપરોક્તની નોંધ લઈને, અમે આ બાબતને ૦૩.૧૨.૨૦૨૪ ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યે પોસ્ટ કરીએ છીએ જેથી જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય સ્થળોએથી અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ અને તેને દૂર કરવા અંગેનો પ્રગતિ અહેવાલ અમારી સમક્ષ લાવવામાં આવે. જાહેર સ્થળોએ આ આદેશના પાલનમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવનું વ્યક્તિગત સોગંદનામું આગામી નિયત તારીખે દાખલ કરવામાં આવશે.

# તારા વિના શ્યામ મને એકલડું લાગે.....ગોપી રાસોત્સવમાં બહેનોની કલા ઉપર મહેમાનો આફરીન

### સરગમ લેડીઝ કલબનું સુંદર આયોજન સુંદર બેઠક વ્યવસ્થાનો લાભ લેતા શહેરીજનો



(સામના મિરર, સંવાદદાતા)
રાજકોટ,તા.૮

સરગમ લેડીઝ કલબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવમાં રોજ રાત પડે ને સોનેરી સુરજ ઉગે તેવો માહોલ સર્જાય છે અને બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને મા જગદંબાની આરતી બાદ ગરબા રમે છે. સિંગરો દ્વારા રજૂ થતા પ્રાચીન અને અર્વાચીન ગરબા ઉપર બહેનો જે ઉમંગ અને ભક્તિભાવ પૂર્વક જુદી જુદી સ્ટાઈલનાં ગરબા રમે છે તે જોઈને મહેનુભાવો અચંબામાં પડી જાય છે. ડી.એચ.કોલેજના મેદાનમાં સરગમ કલબ દ્વારા સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે અને રોજેરોજ મોટી સંખ્યામાં શહેરીજનો લાભ લ્યે છે.

આ રાસોત્સવ નીહાળવા માટે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેલ જેમાં સુરેશભાઈ વેકરીયા, પ્રતાપભાઈ પટેલ, નીતીનભાઈ ભટ્ટ, નાથાભાઈ કાલરીયા, દિનેશભાઈ અમૃતીયા, રાકેશભાઈ પોપટ, મનોજભાઈ રાઠોડ, એચ.એન. જેઠવા (), બ્રીજેશભાઈ મહેતા, અમીતભાઈ દવે, વિક્રમભાઈ પુજારા, મીતલભાઈ ખેતાણી, બકુલભાઈ નથવાણી, મયુરભાઈ શાહ, દેવાંગભાઈ માંકડ, નરેન્દ્રસિંહ જાડેજા (ડેપ્યુટી મેયર), મનીષભાઈ રાડીયા, વીરેન્દ્રસિંહ ઝાલા, માધવભાઈ દવે, કીર્તીબેન પોપટ તેમના હસ્તે વિજેતા બહેનોને લાખેણા ઈનામો આપવામાં આવે છે.

# કલેકટર ત્રણ દિની રજા પર, ગુરૂ-શુક્રવારે ગાંધીનગર કોન્ફરન્સમાં ભાગ લેશે

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજયના કલેકટરો અને પોલીસ અધિકારીઓની કોન્ફરન્સ



રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી આજથી ત્રણ દિવસની પારિવારિક કારણોસર રજા પર ઉતરી ગયા છે. તેમનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગોવ્હાણેને સોંપવામાં આવેલ છે. તેમજ આગામી તા. ૧૦ને ગુરૂવારથી બે દિવસ ગાંધીનગરમાં આયોજિત કરાયેલ કોન્ફરન્સમાં તેઓ ભાગ લેવા જનાર છે.

જેમાં તા. ૧૦ને ગુરૂવારના રાજકોટ સહિત રાજયભરના કલેકટરો તેમજ એસ.પી. અને સી.પી. (કમિશ્નર ઓફ પોલીસ)ની કોન્ફરન્સ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ યોજવામાં આવેલ છે. ગૃહવિભાગ દ્વારા યોજાનાર આ કોન્ફરન્સમાં રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવનાર છે.

જયારે તા. ૧૧ને શુક્રવારે રાજયના મહેસુલ વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરી જયંતિ રવિની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજયભરના કલેકટરોની કોન્ફરન્સ યોજવામાં આવી છે. જેમાં મહેસુલી કામગીરીની સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠન ગુજરાત દ્વારા વિજયા દશમીના દિવસે શસ્ત્રપૂજન કરાશે

### ■ વીરપુર, જૂનાગઢ, પેઢલા મુકામે ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના ભાઈઓ પરંપરાગત રીતે શક્તિપૂજા શસ્ત્રપૂજન કરશે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૮: શોર્યનો સુંગાર,વિરતાનો વૈભવ, પરાક્રમની પૂજા ક્ષત્રિયોનો તહેવાર એટલે વિજયા દશમી, વિજ્યા દશમીના પાવન અવસરે ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠન ગુજરાત દ્વારા પાવન દિવસે તહેવાર એટલે સમસ્ત ક્ષત્રિય ખાંટ શક્તિ સંગઠન વિજયા દશમીના પાવન દિવસે સવારે ૮:૦૦ કલાકે પરંપરાગત વસ્ત્રોમાં શાત્રોક્ત વિધિથી શસ્ત્રપૂજન કરવામાં આવશે જેમાં અલગ અલગ ત્રણ જેટલા વિભાગમાં શસ્ત્રપૂજા કરવામાં આવશે જેમાં વિભાગ એક માં રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામ કંડોરણા તાલુકા સહિત



હાલારના ગામોના ક્ષત્રિય ભાઈઓ વીરપુર જલારામ મુકામે શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની વાડી ખાતે શસ્ત્રપૂજન કરશે જ્યારે વિભાગ બે માં પેઢલા,પાંચપિપળા, મંડલિકપુર, કેરાડી, લુણાગરી, લુણાગરા, સહિતના ગામોના ક્ષત્રિય ભાઈઓ પેઢલા મુકામે મકવાણા પરિવારના શ્રી માત્રી માતાજીના મઢ ખાતે શકિત પૂજા શસ્ત્રપૂજા કરશે જ્યારે વિભાગ ત્રણમાં જૂનાગઢ, ગીરસોમનાથ, વેરાવળ, મેંદરડા, તાલાળા,સહિતના ગીર વિભાગ સહિતના ગામોના ક્ષત્રિય ભાઈઓ શ્રી સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા ભવ્ય શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં નીલકંઠ ફાર્મ,જાંજરડા ચોકડી બાયપાસ રોડ જુનાગઢ ખાતે શસ્ત્ર પૂજન કરશે ત્યારે આ શક્તિપૂજા શસ્ત્રપૂજનના પાવન અવસરમાં પધારવા સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ તેમજ સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજના ભાઈઓને આ પાવન અવસરમાં પધારવા ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠનની યાદીમાં જણાવાયું છે.

## ખીરસરા રણમલજીના રામજી મંદિર ચોકમાં પ્રાચિન ગરબા સાથે નવરાત્રીની ઉજવણી કરતી બાળાઓ



તેમજ અનુસુચિત જાતિ વિસ્તાર ના મોમાઈ માતાજી ના મંદિર પાસે બાળાઓ દ્વારા માતાજી ગરબા સાથે નવરાત્રીની ઉજવણી કરાઇ હતી. નવા પ્લોટ વિસ્તાર મા નાગબાઈ ગરીબી મંડળ ની બાળાઓ દ્વારા રાસ અને ગરબા સાથે નવરાત્રીની ઉજવણી દરમિયાન નવા પ્લોટ વિસ્તાર માં બાળાઓ દ્વારા માતાજી ના નવલા નોરતાની અવનવા રાસ ગરબા સાથે માતાજીની આરાધના કરાઇ હતી.

## સફાઈ કામદાર મહિલાની પજવણી કરતા સુપરવાઈઝર સામે પોલીસ મથકે - હલ્લાબોલ

### વોર્ડ નં.૧૦માં છેલ્લા છ માસથી સુપરવાઈઝર મહિલાઓ પાસે બિભત્સ માંગણી કરી હેરાન કરે છે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૮

પોલીસ મહિલાઓની પજવણી, બિભત્સ માંગણી કરતા શખ્સો સામે ગુનો નોંધવાને બદલે સમાધાન કરાવી બીજી વખત ધ્યાન રાખવાનું કહી જવા દઈ ભોગ બનનાર લોકો સાથે મજાક કરતા હોય તેવું ચીત્ર સામે આવ્યું છે.

ત્યારે વોર્ડ નં.૧૦માં છેલ્લા છ માસથી મહિલા સફાઈ કામદારની પજવણી કરતા સુપરવાઈઝરથી કંટાળી સફાઈ કામદારોએ યુનિ. પોલીસ મથકે હલ્લાબોલ કરી ફરીયાદ નોંધવાની ગુહાર લગાવી હતી. પરંતુ અંતે પોલીસે જતું કરવાની ભાવના રાખવાની વાત કરી બન્ને પક્ષે સમાધાન કરાવી ઘીના ઠામમાં ઘી પાડી દીધું હતું. પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ રોડ પર રહેતા પૂર્વ સફાઈ કામદારે જણાવ્યું હતું કે તે અને તેમની પત્ની વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડ પર આવેલ જડુસ હોટલથી એ.જી. ચોક સુધીના વિસ્તારમાં સફાઈ કામ કરવા માટે છ માસ પહેલા કોન્ટ્રાકટ બેઈઝથી જોડાયા હતા.

ત્યારથી વોર્ડ સુપરવાઈઝાર તરીકે પરસાણાનગરમાં રહેતા યોગેશ પરમાર કામ કરે છે. સુપરવાઈઝર તેમની પત્ની સહિતની મહિલા સફાઈ કામદારો પાસે બિભત્સ માંગણી કરી પજવણી કરતો હતો.દરમ્યાન સફાઈ કામદારે તેનો વિરોધ કરતા સુપરવાઈઝરે તેમને નોકરીમાંથી કાઢી મુકયો હતો. જે બાદ મહિલાઓની પજવણી કરતા સુપરવાઈઝર વિરૂધ્ધ અનેકવાર વોર્ડ ઓફીસરને પણ ફરીયાદ કરતા તેઓએ પણ કંઈ ધ્યાન ન આપી આંખ આડા કાન કર્યા હતા. જે બાદ પણ સુપરવાઈઝરનો ત્રાસ યથાવત રહેતા આજે મહિલા સફાઈ કામદારો સહિતના લોકો યુનિ. પોલીસ મથકે દોડી ગયા હતા. અને સુપરવાઈઝર વિરૂધ્ધ ફરીયાદ નોંધવા ગુહાર લગાવી હતી.

# નિલ સીટી ક્લબમાં શકીરા-જમાલ કુડુ વીડિયો મામલે હિન્દુ જાગરણ મેદાને

## પોલીસમાં અરજી કરી છે, 30 અર્વાચીન રાસોત્સવમાં ક્યાંય માતાજીના ગરબાના નામે અશ્લીલ ગીતો વાગતા હશે તો બંધ કરાવીશું



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ.તા.૭

રાજકોટમાં નવરાત્રી પર્વ દરમિયાન અર્વાચીન રાસોત્સવમાં નિલ સીટી ક્લબના દાંડિયામાં જમાલ કૂડુ અને શકીરાના ગીત વગાડી તેના પર થતા ડાન્સનો વીડિયો વાઈરલ થયા બાદ હવે હિન્દુ સંગઠન મેદાન આવ્યુ છે. હિન્દુ જાગરણના રાજકોટના સંયોજક મંગેશ દેસાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં અરજી કરી છે અને આ પ્રકારના અશ્લીલ ડાન્સથી હિન્દુઓની લાગણી દુભાઈ હોવાની રજૂઆત કરી છે.

તેમણે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, નિલ સીટી ક્લબમાં અર્વાચીન રાસોત્સવનુ આયોજન થયેલું છે. જેમાં ૫ ઓક્ટોબરના રાત્રીના સમયે જમાલ કુડુ અને શકીરાના અશ્લીલ ગીતો વગાડી દારૂની બોટલો રાખી અશ્લીલ પ્રકારના ડાન્સ થયેલા છે. જેનો વીડિયો વાઈરલ થયો છે. જેનાથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. આ ઉપરાંત રાત્રે ૨ વાગ્યે ત્યાં સ્વિમિંગ પૂલમાં રેઈન ડાન્સની પણ પાર્ટીઓ થાય છે. જેથી તાત્કાલિક અસરથી આ બંધ કરાવવામાં આવે અને આ બાબતે સત્વરે પગલા લેવામાં આવે.

તેમણે જણાવ્યું હતુ કે, નિલ સીટી ક્લબમાં અશ્લીલ ગીતો પર ડાન્સના વીડિયો વાઈરલ થતાં હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. જેથી ૫ ઓક્ટોબરની આ ઘટના મામલે વિરોધ નોંધાવી ૬ ઓકટોબરના રાત્રે અરજી કરેલી છે. પોલીસને અરજી કરવામાં આવતા તેમણે પણ કહ્યું હતું કે, તેઓ ફ્રી ડ્રેસમાં અર્વાચીન રાસોત્સવમાં ફરશે અને આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે તો તે બંધ કરાવવામાં આવશે. આ સાથે જ હિન્દુ જાગરણના કાર્યકર્તાઓ પણ અલગ-અલગ અર્વાચીન રાસોત્સવમાં જશે અને આ પ્રકારના અશ્લીલ ગીતો કે ડાન્સ થતા હશે તો તે બંધ કરાવશે.

## ભાગીતળ ગરબાની અંદર આ ન્યૂસન્સ છેઃ જ્યોર્તિનાથ મહારાજ

સનાતન ધર્મ સમિતિના સંત જ્યોર્તિનાથ મહારાજે જણાવ્યું હતું કે, રાજકોટના એક ગરબામાં ફિલ્મી ગીતો અને નશાના ગીતો વગાડવામાં આવ્યા હતા. દારૂના ગીતો વગાડવામાં આવ્યા. ગરબાની પરમિશન લીધી હોય તો ગરબા જ વગાડવા જોઈએ. ભાગીતળ ગરબાની અંદર આ ન્યૂસન્સ નાખી અને જે પ્રકારનું કૃત્ય થાય છે એ ખરેખર નિંદનીય છે. ક્યાંય ચલાવી લેવાય તેમ નથી. આયોજક સામે પોલીસ એક્શન લેવાવા જોઈએ. વધુમાં જણાવ્યું હતું કે, લોકોએ પણ જાગવાની જરૂર છે. આવું થતું હોય ત્યાં રોકવાની જરૂર છે. યુવાપેઢીની અંદર આવા પ્રોગ્રામ થતા હોય તો તમે શું પ્રેરણા આપો. સંસ્કૃતિની વાતો કરવી છે તો સંસ્કૃતિ સાચવવી પડે. સનાતન ધર્મના તહેવારોમાં આવી બેજવાબજારીપૂર્વકના કૃત્ય થતા હોય તો ત્યાં હાજર પોલીસકર્મીએ પણ ધ્યાન દોરવું જોઈએ. આવું થતું હોય તો તેને રોકવાની કોશિશ કરવી જોઈએ. રોકવું જોઈએ સંસ્કૃતિ વિરૂદ્ધનું કાર્ય થતું હોય તો સમાજે રોકવાની જરૂર છે.

# વાઈરલ વિડીયોથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છેઃ મંગેશ દેસાઈ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટમાં નવરાત્રી પર્વ દરમિયાન અર્વાચીન રાસોત્સવમાં નિલ સીટી ક્લબના દાંડિયામાં જમાલ કૂડુ અને શકીરાના ગીત વગાડી તેના પર થતા ડાન્સનો વિડીયો વાઈરલ થયા બાદ હવે હિન્દુ સંગઠન મેદાન આવ્યુ છે. હિન્દુ જાગરણના રાજકોટના સંયોજક મંગેશ દેસાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં અરજી કરી છે અને આ પ્રકારના અશ્લીલ ડાન્સથી હિન્દુઓની લાગણી દુભાઈ હોવાની રજૂઆત કરી છે.

તેમણે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, નિલ સીટી ક્લબમાં અર્વાચીન રાસોત્સવનુ આયોજન થયેલું છે. જેમાં ૫ ઓક્ટોબરના રાત્રીના સમયે જમાલ કુડુ અને શકીરાના અશ્લીલ ગીતો વગાડી દારૂની બોટલો રાખી અશ્લીલ પ્રકારના ડાન્સ થયેલા છે. જેનો વિડીયો વાઈરલ થયો છે. જેનાથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. આ ઉપરાંત રાત્રે ૨ વાગ્યે ત્યાં સ્વિમિંગ પૂલમાં રેઈન ડાન્સની પણ પાર્ટીઓ થાય છે. જેથી તાત્કાલિક અસરથી આ બંધ કરાવવામાં આવે અને આ બાબતે સત્વરે પગલા લેવામાં આવે.

તેમણે જણાવ્યું હતુ કે, નિલ સીટી ક્લબમાં અશ્લીલ ગીતો પર ડાન્સના વિડીયો વાઈરલ થતાં હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. જેથી ૫ ઓક્ટોબરની આ ઘટના મામલે વિરોધ નોંધાવી ૬ ઓકટોબરના રાત્રે અરજી કરેલી છે. પોલીસને અરજી કરવામાં આવતા તેમણે પણ કહ્યું હતું કે, તેઓ ફ્રી ડ્રેસમાં અર્વાચીન રાસોત્સવમાં ફરશે અને આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે તો તે બંધ કરાવવામાં આવશે. આ સાથે જ હિન્દુ જાગરણના કાર્યકર્તાઓ પણ અલગ-અલગ અર્વાચીન રાસોત્સવમાં જશે અને આ પ્રકારના અશ્લીલ ગીતો કે ડાન્સ થતા હશે તો તે બંધ કરાવશે.

## નાચવું અને રાસ એ બંનેમાં ફેર, સરકાર નજર રાખેઃ પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી

રાજકોટના નીલ સિટી ક્લબ ગરબામાં જમાલ કુડુ અને શકીરાના ગીત પર ખેલૈયાઓએ ડાન્સ કર્યો હતો. જેને લઈને વિવાદ થયો છે. આ ડાન્સના વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેને લઈને પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, નાચવું અને રાસ લેવો એ બન્નેમાં ફેર છે. સરકારે નજર રાખવી જોઈએ. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી જણાવ્યું હતું કે, જે વિડીયો પ્રસારિત થયા છે એમાં હું તેને વખોડી કાઢું છું. હિન્દુ સંસ્કૃતિ, આપણી પરંપરા અને નવરાત્રિનું મહત્વ. નવરાત્રિ ઉત્સવ એ માતાજીની આરાધનાનો ઉત્સવ છે. ભલે પ્રાચીન ગરબીઓને આજના સમયમાં અર્વાચીન થાય. મોટી સંખ્યામાં યુવાઓ આવીને ત્યાં બધા રાસ લે. નાચવું અને રાસ લેવો એ બન્નેમાં ફેર છે. થર્ટી ફર્સ્ટમાં જે ઉજવણી થાય છે એ નાચવાની થાય છે. નવરાત્રિમાં માની આરાધનાની સાથે રાસ લઈએ છીએ. ત્યારે ગઈકાલે સકીરાના ડાન્સ અને આ પ્રકારે જે આયોજકે કર્યું છે તેને હું સખ્ત શબ્દોમાં વખોડું છું.







નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper

ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...

# લાઈફ ટાઈમ*
# ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

## ફ્રી એડવાઈઝરી

- EQUITY STOCK
- IPO/SME IPO
- OPTION TRADING
- NIFTY BANK NIFTY
- COMODITY
- CURRANCY

Design by:- With Me Digital : 9537300305



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Bagadai**
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
*Dream.Create.Inspire...*
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062